(દ્વિતીયસ્કન્ધનાં ત્રણ પ્રકરણો)

સાધનનાં નિરૂપણમાટે આ દ્વિતીય સ્કન્ધ છે. આમાં પણ ત્રણ પ્રકરણો છે : [ક] તત્ત્વધ્યાન [ખ] હૃદયની ભીતર સહજ પ્રસન્નતાનાં મનોભાવ તેમજ [ગ] મનન રૂપી ત્રણ વિષયોનાં નિરૂપણમાટે.

(૧-૨ બે અધ્યાયોવાળું પ્રથમ [ક] તત્ત્વધ્યાન નું નિરૂપક પ્રકરણ)

તત્ત્વ પોતે સ્થૂલ અને સૂક્ષ્મ નાં પ્રભેદે બે રીતે પ્રતિપાદિત થયેલ છે. આથી તત્ત્વધ્યાનનાં વર્ણનરૂપે બે અધ્યાયો આ પ્રકરણમાં સમાયોજિત છે.

દ્વિતીય સ્કન્ધનાં તત્ત્વધ્યાનનાં પ્રતિપાદક પ્રકરણમાં આવેલ પ્રથમ અધ્યાયમાં સ્થૂલસ્વરૂપનું ધ્યાન વર્ણિત થયેલું છે. તેમજ બીજા અધ્યાયમાં સૂક્ષ્મસ્વરૂપનું ધ્યાન વર્ણિત થયેલ છે.

(૩-૪ બે અધ્યાયોવાળું દ્વિતીય [ખ] હૃદયની ભીતર સહજ પ્રસન્નતાનાં મનોભાવનું નિરૂપક પ્રકરણ)

જો પોતે સાધકની ભીતર શ્રદ્ધા હોય તો તેને સાધનાનુષ્ઠાનમાં પોતાનાં હૃદયની ભીતર સહજ પ્રસન્નતાનાં મનોભાવ પ્રકટ થતાં હોય છે. આ શ્રવણસાધના હોય કે કીર્તનસાધના બન્ને બાબતમાં સામાન્ય રીતે અભિપ્રેત તથ્ય છે. તેથી આ પ્રકરણમાં પણ બે અધ્યાયો યોજિત થયા છે.

દ્વિતીય સ્કન્ધનાં ત્રીજા અધ્યાયમાં વર્ણનીય હૃત્પ્રસાદનાં રૂપે શ્રોતાની શ્રદ્ધાનું નિરૂપણ અભિલષિત છે. આવા વક્તાની શ્રદ્ધાનાં નિરૂપણમાટે ચતુર્થ અધ્યાય છે.

(૫-૧૦ આમ છ અધ્યાયોવાળું તૃતીય [ગ] મનનરૂપ સાધનની બાબતનું પ્રકરણ)

મનન બે પ્રકારે સમ્ભવે : ૧.કાં તો પોતે જગત્‌ની ઉત્પત્તિની બાબતમાં અથવા તો આ જગત્‌નાં આધિભૌતિક અધ્યાત્મિક કે આધિદૈવિક રૂપો કેવી રીતે ઉત્પન્ન થયાં તે બાબતમાં વિચાર કરવાનાં રૂપે. ૨. અથવા તો આ ઉપપન્ન કેમ થઈ શકે ? આ બાબતમાં મનન કરવું.

ઉત્પત્તિની બાબતમાં મનન :

આને અન્તર્ગત આ સૃષ્ટિમાં : ૧.જે અનિત્ય નામ-રૂપ-કર્મોવાળા પદાર્થ દેખાતા હોય છે, તેમને ઉત્પન્ન થયેલ માનવામાં આવે છે. ૨.આ સૃષ્ટિમાં જે પદાર્થ નિત્ય હોય એટલે કે કોઈ પણ કાલમાં કોઈ ચોક્કસ એક નામ; કે કોઈ એક રૂપ; અથવા તો કોઈ એક કર્મ ની મર્યાદામાં સીમિત ન હોવાં છતાંય

કોઈક મર્યાદિત દેશમાં પરિચ્છિન્ન દેખાતું હોય તો તેને ઉત્પન્ન થનાર નહિં પરન્તુ તે-તે દેશ-કાલમાં આવાગમન એટલે કે આવનાર-જનાર માનવાંમાં આવે છે. તે-તે દેશ-કાલમાં આ આવાગમન જ તેમનું જનન તરીકે લાગે છે. ૩.જે પદાર્થ દેશ-કાલની મર્યાદામાં પરિચ્છિન્ન ન માની શકાતાં હોય, તેમની ન તો ઉત્પત્તિ માનવામાં આવે છે કે ન આવાગમન પણ. તે તો ક્યાંક-ક્યારેક કોઈક રૂપમાં પ્રકટ થતાં હોય છે અથવા અપ્રકટ રહેતા માનવામાં આવે છે. આ તેમનું પ્રાકટ્ય જ તેમનાં જનનનાં રૂપે સ્વીકારાતું હોય છે.

ઉત્પત્તિનો વિમર્શ કરનાર પ્રકરણને અન્તર્ગત પાંચમાં અધ્યાયમાં ચૌદ લોકોની રચનામાં હેતુભૂત અનિત્ય મહદ્, અહંકાર, મન, પાંચ તન્માત્રાઓ, પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો તેમજ પૃથ્વી જલ તેજ વાયુ અને આકાશ રૂપી પાંચ મહાભૂતો બ્રહ્માણ્ડની ઉત્પત્તિમાં કારણભૂત તત્ત્વ માનવામાં આવ્યાં છે જનન તરીકે નિરૂપણ કરવા.

ઉત્પત્તિનો વિમર્શ કરનાર પ્રકરણને અન્તર્ગત છઠા અધ્યાયમાં સનાતન જીવાત્મા જે કાલતઃ તો અપરિચ્છિન્ન એટલે કે અવિનાશી હોય છે પણ અણુપરિમાણ હોવાથી દેશતઃ પરિચ્છિન્ન હોવાને કારણે તેમનું બ્રહ્માણ્ડમાં આવાગમનરૂપ જનન થતું હોય છે. અહીં ઋગ્વેદીય પુરુષસૂક્તમાં પ્રતિપાદ્ય નિરૂપણનો પણ અનુવાદ મળતો હોવાથી જીવાત્માનાં માટે ભગવદ્ભજન બધાજ ફલોનું સાધક હોય છે, આ સૂચિત કરવામાં આવ્યું છે.

ઉત્પત્તિનો વિમર્શ કરનાર પ્રકરણને અન્તર્ગત સાતમાં અધ્યાયમાં ભગવાન્નું મૂળ સ્વરૂપમાં ભજન સિદ્ધ થઈ શકે તેનાંમાટે, તેમજ ભગવાન્ પોતે દેશ અને કાલ બન્નેમાં અપરિચ્છિન્ન હોવાથી તેમનું પ્રાકટ્યરૂપ જનન માનવામાં આવ્યું છે.

ઉપપત્તિની બાબતમાં મનન :

ઉપપત્તિનાં હેતુભૂત મનનનાં પણ ત્રણ અંગો દેખાડવામાં આવ્યા છે : ૧.આશંકા ૨.ઉત્તર અને ૩.ફલ. તેથી આ બાબતમાં પણ ત્રણ અધ્યાયો યોજવામાં આવ્યા છે.

ઉપપત્તિનો વિમર્શ કરનાર પ્રકરણને અન્તર્ગત આઠમાં અધ્યાયમાં જે અહીંયાસુધી પ્રતિપાદિત કરવામાં આવ્યું, એટલે કે જીવાત્મા કે પરમાત્મા નો અચેતન દેહોની સાથે કોઇ પણ પ્રકારનો સમ્બન્ધ કેમ ઉપપન્ન થઈ શકે ? આવી આશંકા નિરૂપિત થયેલી છે.

ઉપપત્તિનો વિમર્શ કરનાર પ્રકરણને અન્તર્ગત નવમાં અધ્યાયમાં જીવાત્મા કે પરમાત્મા નો દેહની સાથે સમ્બન્ધ સંભવે નહિં, આવી આશંકાનો પરિહાર એટલે કે ઉત્તર નિરૂપિત થયેલ છે.

ઉપપત્તિનો વિમર્શ કરનાર પ્રકરણને અન્તર્ગત દસમાં અધ્યાયમાં આ આશંકા-પરિહારદ્વારા ફલિત થતો નિષ્કર્ષ કે શ્રીભાગવત-કથાનું શ્રવણ અવશ્ય કરવું જોઈએ, આ પ્રતિપાદિત કરવામાં આવ્યું.

આમ બે-બે અધ્યાયોવાળા પ્રથમ-દ્વિતીય પ્રકરણ તેમજ છ અધ્યાયોવાળું અન્તિમ તૃતીય પ્રકરણ, સહુ મળીને, દસ અધ્યાયોમાં દ્વિતીય સ્કન્ધને અન્તર્ગત સાધનનું નિરૂપણ કરવામાં આવ્યું છે.

oooo+oooo

(તૃતીયસ્કન્ધ)

પ્રથમ સ્કન્ધમાં ઉત્તમ મધ્યમ અને આદિમ પ્રકારનાં શ્રવણાધિકાર અને દ્વિતીય સ્કન્ધમાં તત્ત્વધ્યાન હૃત્પ્રસાદ અને મનન રૂપી ત્રણ સાધનોનાં નિરૂપણ કર્યા બાદ હવે આ સ્કન્ધમાં ભગવાન્‌ની દસ લીલાઓમાંથી પહેલી સર્ગરૂપા લીલાનું નિરૂપણ અભિપ્રેત છે. લૌકિક સર્ગ અને અલૌકિક સર્ગ આમ બે પ્રકારનાં સર્ગોના તેત્રીસ પ્રકાર દેખાડવામાં આવ્યા છે. જેમ કે બૃહદારણ્યકોપનિષદ્‌નાં ''દેવતાઓ કેટલા હોય ? આઠ વસુ, અગિયાર રુદ્ર, બાર આદિત્ય, આમ એકત્રીસ તદુપરાંત બત્રીસમો ઈન્દ્ર અને તેત્રીસમો પ્રજાપતિ'' (બૃહ.ઉપ.૩।૯।૧-૨) આ વચન મુજબ સ્પષ્ટ થાય છે. આવી રીતે ચોંવીસ તત્ત્વ, ચાર પ્રકારનાં ઉદ્‌ભિજ્જ અણ્ડજ જરાયુજ અને સ્વેદજ આમ ચાર જાતનાં ભૂતબીજોની ગણના કરતાં ૩૨ અને ૩૩ મો કાલ આમ લૌકિક સર્ગ પણ તેત્રીસ પ્રકારનો માનવામાં આવે છે. તેથી લૌકિકાલૌકિક કે બન્ધમોક્ષ નાં પ્રભેદને કારણે બે પ્રકરણો અને તેત્રીસ અધ્યાયોવાળો આ સ્કન્ધ છે.

(પ્રકારાન્તર)

[૧]ગુણાતીતસૃષ્ટિ, [૨]સગુણસૃષ્ટિ, [૩]કાલસૃષ્ટિ, [૪]જીવસૃષ્ટિ અને [૫]તત્ત્વસૃષ્ટિ આમ પાંચેય પ્રકારની સૃષ્ટિનાં અન્તર્ગત એક પ્રકાર મોક્ષાર્થ સૃષ્ટિનો અને બીજો પ્રકાર બન્ધાર્થ સૃષ્ટિનો આમ સરવાળે બધા મળીને દસ પ્રકરણોવાળો પણ આ સ્કન્ધ માનવામાં આવે છે.

(તૃતીયસ્કન્ધમાં બન્ધસૃષ્ટિનાં નિરૂપણમાટે ૧-૨-૩-૪-૫-૬ અધ્યાયોવાળું પ્રથમ ગુણાતીતસૃષ્ટિનું પ્રકરણ)

આ પ્રથમ પ્રકરણમાં પ્રથમ અધ્યાય ગુણાતીત તત્ત્વનાં વર્ણનાર્થે છે. આમાં અધિકારનાં પ્રસંગવશ પ્રતિબન્ધની નિવૃત્તિ તીર્થસેવન સત્સંગપ્રીતિ ભગવાન્‌ની બાબતમાં પ્રશ્નાત્મિકા ઉત્કણ્ઠા કે જિજ્ઞાસા નાં રૂપમાં બાહ્યશુદ્ધિ નિરૂપિત થયેલી છે. બીજો અધ્યાય ગુણાતીત કાર્યનાં વર્ણનાર્થ છે. આમાં ભગવત્કથાનાં શ્રવણને કારણે શાસ્ત્રીય રીતિ મુજબ ભગવાન્‌નાં માહાત્મ્યનું જ્ઞાન થાય ત્યારે તે

॥ श्रीकृष्णः शरणं मम ॥

શ્રીમદ્‌ભાગવત-સાર

દ્વિતીય સ્કન્ધ

પરીક્ષિત રાજાના આવા કલ્યાણવિષયક પ્રશ્નથી શુકદેવજી મહારાજ પ્રસન્ન બની રહ્યા અને પછી બોલ્યા : હે રાજન્ ! તમે કરેલો પ્રશ્ન અત્યંત શ્રેષ્ઠ અને લોકહિતજનક છે, આત્માજ્ઞાનીઓ માટે પણ માન્ય અને સાંભળવા યોગ્ય વિષયો માટે ઉત્તમ છે. આ સંસારમાં રચ્યાપચ્યા પુરુષો અંતસમયે શું થશે એ વિચારવાનું ભાન ગુમાવી બેઠેલા હોય છે. એવા લોકો વર્ષો સુધી જીવે છે, પણ એમનાં રાત્રિદિવસ નિદ્રામાં, સ્ત્રીસંગ સંબંધી કાર્યોમાં તથા ધનલાલસામાં જ વીતી જાય છે. અજ્ઞાન અને અન્યથાજ્ઞાનમાં જ એમનું સમસ્ત આયુષ વ્યર્થ બની રહે છે, પરંતુ મોક્ષની ઇચ્છાવાળાએ તો જાગ્યા ત્યાંથી સવાર માનીને સર્વ-નિયંતા, સર્વદુઃખહર્તા, સર્વસમર્થ, ઐશ્વર્યાદિ અનંતકલ્યાણગુણયુક્ત ભગવાન શ્રીકૃષ્ણનાં શ્રવણ કીર્તન અને સ્મરણમાં જ નિમગ્ન બની રહેવું જોઈએ. અનંતગુણનિધાન ભગવાન શ્રીકૃષ્ણ જ ભક્તિના વિષયરૂપ છે એમ દર્શાવીને એ અંગે શ્રોતવ્ય કીર્તિતવ્ય અને સ્મર્તવ્ય એ ત્રણ કર્તવ્ય કહ્યાં છે. એ ત્રણે કર્તવ્ય ભક્તિના જ ત્રણ પ્રકારો છે, પરંતુ ભક્તિ તો નવ પ્રકારની છે તોપણ અહીં ત્રણ પ્રકાર જ કેમ કહ્યા ? ભક્તિશાસ્ત્ર પ્રમાણેની નવધા ભક્તિની ચર્ચા શુકદેવજી મહારાજ આગળ કરવા ના જ છે, પણ વસ્તુતઃ શ્રવણ - કીર્તન - સ્મરણ એ ત્રણ પ્રકાર પછીના પાદસેવન આદિ પ્રકારો પણ ઉક્ત ત્રણ સાધનોથી જ ભક્તિ સાધ્ય બની રહે એમ હોવાથી પછીનાં પાદસેવન આદિ સાધનો યા ભક્તિના પ્રકારો સ્વતઃ પ્રાપ્ત બની રહે છે એટલે અહીં એની સ્પષ્ટતા કરી નથી એમાં કશો દોષ નથી. શ્રવણનો વિષય ભગવાન વાસુદેવની દશ પ્રકારની લીલાઓ છે. આ બીજા સ્કંધમાં નિર્ણય કરવામાં આવ્યો છે કે સર્વ પદ વાક્ય ભગવદ્‌વાચક છે અને શ્રવણ કીર્તન સ્મરણ ત્રણેનો પરસ્પર માટે નિર્વાહ છે. આ શ્રવણ-કીર્તન-સ્મરણ તો આજન્મ થવાં જોઈએ. અહીં શંકા થાય કે શ્રુતિમાં તો મનન-નિદિધ્યાસનનું વિધાન છે તો પછી અહીં એને બદલે શ્રવણાદિનો સ્વીકાર શા માટે ? બ્રહ્મજ્ઞાનને જ ફલ કેમ ન કહ્યું ? શ્રુતિ પ્રમાણે તો જ્ઞાનથી જ મોક્ષ મળે છે. ભાગવત-કાર કહે છે કે જ્ઞાન તો શાબ્દરૂપ સિદ્ધિ છે. અંગાદિ સહિતનો વિચાર કરીશું તો શાબ્દ જ્ઞાન થઈ જ જશે. મનન નિદિધ્યાસન પણ વસ્તુતઃ શ્રવણને માટે જ થાય છે. અંગ હોવાથી એ બન્નેનો શ્રવણમાં સમાવેશ થઈ જાય છે. ભગવાન સ્વતંત્ર છે, સાધન-પરતંત્ર નથી. વૈદિક શ્રવણ દ્વારા એ પ્રાપ્ત થાય એમ નથી. ભક્તિ વગરનાં સાધનોથી તેઓની ઉપલબ્ધિ અસંભવિત છે. ભક્તિમાર્ગીય શ્રવણાદિ દ્વારા જ એઓનો સાક્ષાત્કાર થાય છે એ સિદ્ધાંત જ અહીં સ્પષ્ટ કરવામાં આવ્યો છે. શ્રવણનો વિષય ભગવાન વાસુદેવની દશ પ્રકારની લીલાઓ છે. આ દ્વિતીય સ્કન્ધમાં સામાન્ય રીતે એ નિર્ણય કરવામાં આવ્યો છે કે સર્વે પદ અને વાક્ય

ભગવદ્‌વાચક છે. આત્મ-અનાત્મવિચાર, ચિત્તવૃત્તિનિરોધ અને વર્ણાશ્રમધર્મોમાં નિષ્ઠા આદિ ધર્માચરણોથી પરમ લાભ એ થાય છે કે મનુષ્યોને અંતસમયે ભગવાન નારાયણનું સ્મરણ રહે છે. હે રાજન્ ! જે ઋષિ મુનિઓ લૌકિક વિધિ-નિયમોથી નિવૃત્ત થઈને નિર્ગુણ ભગવાનમાં રમણ કરે છે એ પણ ભગવાન શ્રીહરિના ગુણવર્ણનમાં તો અલૌકિક આનંદ પ્રાપ્ત કરે છે જ. આ રીતે શ્રવણાદિ ત્રણે પ્રકારો પુરુષાર્થસાધકતારૂપ હોઈ એમાં કશી આશંકાને અવકાશ નથી. શુકદેવજી કહે છે કે આવું આ ભક્તિપ્રધાન ભાગવત તો વેદ-સમાન છે. અમે એનું અધ્યયન દ્વાપર યુગના આદિ કાલમાં અમારા પિતા દ્વૈપાયન વ્યાસ દ્વારા નિયમપૂર્વક કર્યું હતું. હે રાજર્ષિ ! અમે નિર્ગુણ ભગવાનમાં એક નિષ્ઠાવાળા થઈ ચૂક્યા હતા છતાં પણ ઉત્તમકીર્તિ ભગવાન શ્રીકૃષ્ણની લીલાઓમાં અમારું મન વારંવાર ખેંચાઈ જતું હોવાથી અમે પુનઃ પણ ભાગવતનું અધ્યયન કર્યું. સંસાર પ્રત્યે વૈરાગ્ય અનુભવીને સર્વ રીતે જે નિર્ભય બની રહેવા ઇચ્છે છે એવા યોગીઓએ નિર્ણયાત્મકપણે ભગવાનનાં શ્રવણ-કીર્તન-સ્મરણમાં નિમગ્ન બની રહેવું જોઈએ. ભગવાનના નામની તો બે ઘડી પણ મોક્ષ અપાવે એવી હોય છે. પૂર્વે ખટ્‌વાંગ નામનો એક રાજા થઈ ગયો તેણે દેવોનો પક્ષ લઈને દૈત્યોને હરાવ્યા. દેવોએ પ્રસન્ન બની રહીને વરદાન માગવાનું કહ્યું, પરંતુ પૂછવાથી એ રાજાએ દેવો દ્વારા જાણ્યું કે પોતાનું આયુષ હવે એક મુહૂર્ત પૂરતું જ છે. વરદાનની પરવા કર્યા વિના ખટ્‌વાંગ રાજા સુખભોગ-ભર્યા સ્વર્ગલોકમાંથી તરત જ કર્મભૂમિ એવા ભૂતલમાં આવતો રહ્યો અને પછી પોતાની રક્ષા કરનાર શ્રીહરિના સ્મરણમાં જ નિમગ્ન બની રહેતાં એને ભગવાનની પ્રાપ્તિ થઈ. આથી એમ સમજવાનું છે કે ભગવાન તો બે ઘડી સ્મરણ કરનારને પણ પોતાની પ્રાપ્તિ કરાવે છે તો પછી, હે રાજન્ ! હે કુરુવંશોત્પન્ન ! તમારા જીવનના તો હજુ સાત દિવસ બાકી છે. જીવમાત્રને પ્રતીત થાય કે હવે અંતકાલ નજીક છે તો તેણે ગભરાઈ જવાની જરૂર નથી. દેહ અને દેહનાં સંબંધીઓ પ્રત્યેની મમતા-સ્પૃહા યા આસક્તિ નષ્ટ કરી દેવી અને પછી કોઈ સુયોગ્ય તીર્થસ્થળે જઈને વિધિપૂર્વક આસન પર બેસી પ્રણવ મંત્ર ૐકારનો જપ કરવો, બુદ્ધિ દ્વારા મનને ભગવાનના સ્વરૂપમાં સ્થાપવું. વિષ્ણુના પરમપદમાં જ મન પ્રસન્ન થાય છે. રજોગુણ અને તમોગુણથી આકર્ષાઈને મન એકાગ્ર ન થાય તો ધીર પુરુષે ધારણા દ્વારા તેને વશ કરવું, ઇન્દ્રિયગ્રાહ્ય પદાર્થો પ્રત્યે મનને ભટકવા ન દેવું. પરમાત્માના સ્વરૂપમાં એકાગ્રતા સિદ્ધિ કરવા માટે અષ્ટાંગ યોગ એ પ્રાથમિક સાધન છે. આ યોગ અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, શૌચ, તપ અને સ્વાધ્યાય એ આઠ ગુણોનો બનેલો છે. આ યોગ ભક્તના જીવનનો ભાગ બની જવો જોઈએ. એને જ ધારણા કહે છે, જે છેવટે ધ્યાનમાં લઈ જાય છે. એ પછી મનમાં ભગવાના સ્વરૂપ સિવાય અન્ય કોઈ વિચાર નહીં રહે. તામસી સ્વભાવ ભોળવી શકશે નહીં. તમને રાજસિક સ્વભાવ સાંસારિક વસ્તુઓમાં બદ્ધ કરી શકશે નહીં. આવા ભક્તો પછી અનંત શેષનાગ પર પોઢેલા નારાયણના સ્વરૂપને અનુભવી શકે છે અને એ સ્વરૂપને પોતાના મન-હૃદયમાં ધારણ કરી શકે છે. આ ધારણા કઈ રીતે કરવી, ક્યા પ્રકારની કરવી, રૂપને પ્રધાન માનીને કરવી યા ભગવદ્‌ધર્મોને પ્રધાન

માનીને કરવી ? સ્થૂલ ધારણા કરવી કે સૂક્ષ્મ ધારણા કરવી ? શુકદેવજી મહારાજ કહે છે :

जितासनो जितश्वासो जितसङ्गो जितेन्द्रियः ।
स्थूले भगवतो रूपे मनः सन्धारयेद्धिया ॥ (ભાગ. ૨-૧-૨૩)

એટલે કે આસનજય શ્વાસજય અને ઈન્દ્રિયજય કરનારને ધારણા પ્રાપ્ત થાય છે. जितसङ्गःનો અર્થ છે મનને વશ કરનાર. ક્યા વિષયમાં મનને સ્થિર કરવું એ અંગે કહ્યું છે કે શ્રદ્ધાયુક્ત બુદ્ધિથી ભગવાનના સ્થૂલ રૂપમાં મનને સ્થિર કરવું. સર્વવિશેષવાળી પૃથ્વી જ ભગવાનના સ્થૂલ દેહરૂપ છે. સમુદ્ર, સૂર્ય, વાયુ, આકાશ આદિ પૃથ્વી પર વ્યક્ત બની રહે છે. સર્વ અન્ય રૂપ પૃથ્વી પર છે, પણ પૃથ્વી અન્યત્ર નથી એટલે પૃથ્વી સ્થૂલોમાં પણ સ્થૂલ છે. વાસ્તવમાં ભગવાન અને દેહનો સ્વસ્વામિભાવ સંબંધ છે. દેહાદિ સર્વ પદાર્થ સ્વભોગ્ય છે અને ભગવાન સર્વના સ્વામી ભોક્તા છે. ભગવાનના શરીરરૂપ પૃથ્વી, જલ, વાયુ આદિ સાત આવરણોથી યુક્ત હોઈ એની અંદર વૈરાજ પુરુષનો પ્રવેશ થયેલો છે એ વૈરાજ પુરુષ અક્ષર બ્રહ્મ છે. એ કોઈ વિશેષયુક્ત જીવ નથી, એ ભગવાન જ છે અને ધારણા માટે આશ્રયરૂપ છે. 'આશ્રય' શબ્દથી એ સૂચિત થાય છે કે પોતાના શરણમાં થતી ધારણાનું ફળ ભગવાન અવશ્ય આપે છે. ચૌદે લોક વિરાટ ભગવાનના ચૌદ અવયવરૂપે આવીને ધ્યાનનો વિષય થયા છે. ભગવાનના અવયવ લોકરૂપ થઈ ગયા છે એમ માનવાનું નથી. વિદ્વાનો કહે છે કે પાતાળ લોક એ વિરાટ ભગવાનનું ચરણતલ છે અને વાસુકિ વગેરે નાગો-સર્પો એ ચરણતલની રેખાઓ છે. પગના ફણામાં રસાતલ છે. બે ઘૂંટીઓ મહાતલ છે. બે જાંઘ તલાતલ છે. બે ગોઠણ સુતલ છે. બે સાથળો વિતલ અને અતલ છે. નાભિની નીચેનો ભાગ પૃથ્વી છે અને નાભિરૂપ સરોવર આકાશ છે. વક્ષઃસ્થલ સ્વર્ગલોક છે. ડોક મહર્લોક છે. મુખ જનલોક છે. લલાટ તપોલોક છે. સહસ્રશીર્ષા ભગવાનનું શ્રીમસ્તક સત્ય લોક છે. એ પરમ પુરુષના બાહુઓ ઈન્દ્રાદિ દેવો છે. કર્ણગોલક દિશાઓ છે. શબ્દ કર્ણેન્દ્રિય છે. નાસિકા બે અશ્વિનીકુમારો છે. ગંધ ઘ્રાણેન્દ્રિય છે. પ્રજ્વલિત અગ્નિ મુખ છે. બે નેત્રો અંતરીક્ષ છે. સૂર્ય ચક્ષુ છે. દિવસ અને રાત્રિ બે પાંપણો છે. ભ્રૂકુટિનો વિલાસ બ્રહ્મનું સ્થાન છે. તાળવું જલ છે. જીભ રસ છે. છન્દો અનન્તના યશની પ્રશંસા કરે છે. બ્રહ્મરંધ્ર વેદો છે. દાઢો યમ છે. સ્નેહકલા જ વિરાટના દાંત છે. માયા વિરાટનું હાસ્ય છે. અખિલ સૃષ્ટિ એમના કટાક્ષનો વિલાસ છે. શરમ ઉપરનો હોઠ છે, લોભ નીચેનો હોઠ છે. ધર્મ સ્તન છે. પીઠ તો અધર્મ છે. ભગવાનનું ઉપસ્થ બ્રહ્મા છે અને વૃષણ વરુણ દેવ છે. વિરાટનું ઉદર સમુદ્ર છે. પર્વતો અસ્થિ છે. નાડીઓ નદીઓ છે. વૃક્ષો રુવાટાં છે. અનંત શક્તિવાળો વાયુ શ્વાસોચ્છ્‌વાસ છે. કાલ ગતિ છે. ગુણનો પ્રવાહ કર્મ અને મેઘ કેશ છે. સંધ્યા વસ્ત્ર છે અને પ્રકૃતિ હૃદય છે. મન ચંદ્ર છે. મહતત્ત્વ વિજ્ઞાન શક્તિ છે અને રુદ્ર એ અહંકાર છે. અશ્વો ખચ્ચર ઊંટ અને હાથી નખ છે. મૃગો અને પશુઓ નિતંબ છે. પક્ષીઓ ભગવાનની અદ્‌ભુત કળાની કુશળતા છે; જેમ કે હંસો શ્વેત છે, પોપટ લીલા છે અને મોર વિવિધ રંગવાળા છે. મનુ

ઈચ્છા યા બુદ્ધિ છે. પુરુષત્વ નિવાસસ્થાન છે. ગંધર્વો વિદ્યાધરો અપ્સરાઓ અને ચારણો સ્વરરૂપ છે. બ્રાહ્મણ મુખ, ક્ષત્રિય ભુજ, વૈશ્ય જંઘા અને શૂદ્ર ચરણ છે. દ્રવ્યાત્મક યજ્ઞ-પ્રયોગ એ વિરાટ પુરુષ નું કર્મ છે. જગદ્‌વર્તી સર્વ પદાર્થ ભગવાનનું જ રૂપાંતર છે. એ સર્વ પદાર્થોનો ભગવાનના શ્રીઅંગમાં સમાવેશ કરીને અંતે કહ્યું છે કે એ ભગવાનમાં ધારણા કરવાની છે. સત્યસ્વરૂપ અને આનંદના ભંડાર એવા એ સર્વાંતર્યામીનું જ ભજન કરવું. ભગવાનમાં કરેલી ધારણાના બલથી તો બ્રહ્માની જેમ જગતને સર્જવાની પહેલાંના કલ્પમાંની સ્મૃતિ પ્રાપ્ત થાય છે. વિદ્વાન પુરુષે ભોગ્ય પદાર્થોનું સુખ વાસ્તવિક નથી એમ માની એ પ્રત્યેની આસક્તિનો ત્યાગ કરવો, શરીરનિર્વાહ પૂરતું જ એમાં પ્રયોજન રાખવું. ભગવાનની સેવા માટે રાખેલો દેહ બીજા કાર્યમાં વાપરવો ઈષ્ટ નથી. ભગવાન તો અંતઃકરણમાં જ સ્થિત છે, તેથી જ एवम् એવા પ્રયોજનથી એટલે કે એને પ્રાપ્ત કરવાનું દુઃખ ન હોવાથી અથવા એવા પ્રકારની स्वचित्त પોતાને સ્વાધીન ચિત્તમાં પ્રયત્ન વિના જ પ્રાપ્ત થયેલા હોવાથી એમની સેવા કરવી એ ભગવાન મનરૂપ છે. સર્વ વેદોના અર્થરૂપ, સર્વધનરૂપ, સર્વવસ્તુઓરૂપ, સર્વને તજવાના પ્રકારથી અને સર્વ કાર્ય પૂર્ણ કરનાર એવાં પાંચ રૂપવાળા હોવાથી એમનું સર્વેના આત્માપણાથી ભજન થાય છે. વળી પ્રભુ ઐશ્વર્ય આદિ છ ગુણોવાળા છે. શ્રી શબ્દથી શોભા જાણવી. આ છ ગુણો દશમસ્કંધના છેલ્લા છ અધ્યાયોમાં અનુક્રમે ભગવાનમાં હોવાનું સિદ્ધ કરવામાં આવ્યું છે. સર્વ પરમાર્થનો નિશ્ચય કરીને, ભક્તિમાર્ગને અનુસરીને ભગવાન વિશેનુ શ્રવણ વગેરે સાધન કરવું. એ પછી જ ધારણાની સ્થિતિમાં રહી શકાય છે તેમ પરમાત્માનું સ્વરૂપ પણ દઢપણે મનમાં રાખી શકાય છે. મન ધ્યાન દ્વારા નિશ્ચલ અને શાંત બની રહે છે ત્યારે અનંત શેષનાગ પર પોઢેલા ભગવાન વાસુદેવ નારાયણને જોવામાં આવે છે અને પછી એ સ્વરૂપ મનમાં ધારણ કરી શકાય છે. આવી સ્થિતિ પ્રાપ્ત ન થાય ત્યાંસુધી ભક્તોએ બધો જ સમય ભગવાનની કથાઓમાં નિમગ્ન બની રહેવું જોઈએ. કાનનો ઉપયોગ જો ભગવાનના ગુણાનુવાદના શ્રવણમાં ન થતો હોય તો તે કાન નથી, માથાનાં બે કાણાં જ માત્ર છે. જીભ જો નારાયણનો મહિમા ગાતી નથી તો એ જીભ વર્ષા ઋતુના દેડકાની જીભ જેવી માનવી. મસ્તક પણ નારાયણના શ્રીચરણમાં નમતું નથી તો તે એક માથા પરના ભાર-સમું છે. હાથ રત્નજડિત બાજુબંધવાળા હોય તથા ચંદન-લેપથી સુગંધવાળા હોય છતાં જો એના દ્વારા પુષ્પોથી નારાયણની પૂજા થતી નથી તો એ હાથ નિર્જીવ માનવા. નેત્રો પણ જો ભગવાનના સ્વરૂપના સૌદર્યનું પાન કરતાં નથી તો તેને સજીવન નહીં, પણ મોરપિચ્છ પરની નિર્જીવ આંખો જેવાં જ માનવા ચરણો પણ તીર્થયાત્રામાં પ્રવૃત્ત થતા નથી તો એને પણ વૃક્ષનાં મૂળ જેવા જ સમજવા. ભક્તોના ચરણની રજ માથે ચડાવવી, ભગવાનના ચરણમાં ચડેલી તુલસીની સુવાસ જાણવી. શ્રીહરિનું નામ સાંભળીને શરીરમાં રોમાંચનો અનુભવ કરવો તેમ હર્ષનાં આંસુ વહાવવાં વગેરેમાં જેને પ્રીતિ છે તે જ સદ્‌ભાગી ભક્ત જન છે અને જીવનની અંતિમ ક્ષણો પર્યંત ભગવાનનું અને ભગવાનની કથાઓનું ચિંતન કરી એ અંતે મુક્તિ પ્રાપ્ત કરે છે.

અંગો સહિત શ્રવણનું નિરૂપણ કરનારા આ દ્વિતીય સ્કંધનાં ત્રણ પ્રકરણોનો સાર અહીં જોયો. શ્રવણનાં ત્રણ અંગો શુકદેવજીએ દર્શાવ્યાં : (૧) ભગવાનના સ્વરૂપનું તત્ત્વો સહિત ચિંતન કરવું, (૨) શ્રવણ કરનાર અને કરાવનાર બન્નેને હૃદયમાં ઉલ્લાસ યા શ્રદ્ધા હોવી જોઈએ અને (૩) વિમર્શ એટલે વિચાર અથવા મનન કરવું જોઈએ. ઉત્પત્તિથી વિમર્શ અને ઉપપત્તિથી વિમર્શ એમ એના બે વિભાગનું વર્ણન ત્રીજા પ્રકરણમાં થયું. એમાં દર્શાવ્યા પ્રમાણે સર્વના આત્મા, ભગવાન્, હરિ યા ઈશ્વરનું પ્રમાણ અને પ્રમેયથી તેમ સાધન અને ફલથી શ્રવણ કીર્તન અને સ્મરણ કરવાનું અને તે પણ આજીવન દેહ પડે ત્યાં સુધી. આ ત્રણ વારંવાર કરવાનું કહ્યું છે અને મરવા પડેલાએ શું કરવું એ પ્રશ્નના જવાબમાં અષ્ટાંગ યોગનું આચરણ કરવાનું કહ્યું. પહેલા અધ્યાયમાં વિરાટ સ્વરૂપનું ધ્યાન ધરવાનું કહ્યુ, પણ એમાંય ભક્તિ પ્રાપ્ત કરાવનાર ભગવાનનું જ ભક્તિયોગથી ધ્યાન ધરવાનું છે. શ્રવણાદિની મહત્તા વધુ છે. શ્રવણથી તો પ્રસન્ન થયેલા પ્રભુ પોતે જ ફલપ્રદાન કરે છે.એ પછી જેણે પોતાની નિર્મળ બુદ્ધિ ભગવાન શ્રીકૃષ્ણમાં જ સમર્પિત કરી છે, મમતા માત્રનો ત્યાગ કર્યો છે એવા પરીક્ષિતે પછી શુકદેવજીને જણાવ્યું કે ભગવાન પોતાની માયા શક્તિ વડે દેવો પણ જાણી શકતા નથી એ રીતે આ જગત સર્જે છે અને મહાન શક્તિવાળા એ પરમાત્મા જે રીતે એમાં રમણ કરે છે એ બધું જાણવા મારી ઇચ્છા છે. હરિની લીલા તો અલૌકિક છે, બ્રહ્માદિ અવતારો લઈ અનેક કર્મો કરે છે અને પ્રકૃતિના સત્ત્વાદિ ગુણોને એકી વખતે અને જે ક્રમાનુસાર ધારણ કરે છે એ બધું મને આપ યથાવત્ સમજાવો. શ્રવણ અને કીર્તનરૂપ ક્રિયા તથા કર્તાના ભેદથી દૃષ્ટ અને અદૃષ્ટ એમ બે પ્રકારનાં સાધન તથા સાક્ષાત્કાર અને પરંપરાના ભેદથી ભગવાનનો પ્રેમ તથા ભગવદ્‌ભક્તોના અંગરૂપી શ્રવણ વગેરેનાં અંગોથી તો હું વાકેફ બની રહ્યો, પણ હવે આપ મને આ જગતનો આવિર્ભાવ તેમ તિરોભાવ સમજાવો.પરીક્ષિતની આ જિજ્ઞાસામાં પાંચ પ્રશ્નો સમાયા છે : (૧) ભગવાન ઐશ્વર્ય વગેરે છ ગુણો પૈકી ક્યા ગુણરૂપી સાધનથી કાર્ય કરે છે ? (૨) જો ગુણોથી કરતા હોય તો એ ગુણોનું ક્રમપૂર્વક ગ્રહણ કરે છે કે એકસાથે ? (૩) સર્વ ગુણો એકસાથે તો ઉત્પન્ન થતા નથી કે લય પામતા નથી, સમૂહથી ધારણ કરે છે ? (૪) પોતે તો એકલા છે તો શું પાછા અનેક થઈને એકસાથે વગેરેના પ્રકારથી ગ્રહણ કરે છે ? (૫) જુદા જુદા જન્મો લઈ કર્મો કરતાં કર્મને અધીન રહીને એમ કરે છે ? હે શુકદેવજી મહારાજ ! આપ તો શબ્દબ્રહ્મમાં અને પરબ્રહ્મમાં પણ પ્રવીણ છો, તો મને યથાયોગ્ય સમજાવીને એ કહો.

સૂત બોલ્યા : રાજા પરીક્ષિતે શ્રીહરિના ગુણાનુવાદ કહેવા આ રીતે પ્રાર્થના કરી એટલે શુકદેવજી મહારાજે હૃષીકેશનું સ્મરણ કરીને ઉત્તર કહેવાનો ઉપક્રમ કર્યો. ઉપક્રમ એટલે દેવ અને ગુરુને નમસ્કાર. સાત નમન કરવાનું કહેતા શ્લોકથી સર્વ શાસ્ત્રોનો નિર્ણય કહેશે, પાંચ પ્રાર્થનાનાં વાક્યોથી ભગવાનના માહાત્મ્યનું વર્ણન કરશે અને એક શ્લોકથી શુકેવજી વ્યાસને નમન કરશે. નમન કરવાથી જ ભગવાન સર્વ સંદેહો દૂર કરે છે. જો કે પરીક્ષિતે પાંચ પ્રશ્નો કર્યા હતા, પણ સર્વ સંદેહો દૂર કરવા માટે ભગવાનનું સ્મરણ કર્યું,

તેથી એ સંદેહો દૂર કરતાં ભગવાનનું ફરી નામ લેતાં એમને નમસ્કાર કરે છે. એ વિષયમાં પ્રથમ સૃષ્ટિના પ્રકારમાં સંદેહ કરનાર રાજાને સૃષ્ટિનો પ્રકાર ૪ થા અધ્યાયના પહેલા બારમા શ્લોકથી કહેતાં નમન કરે છે.

શ્રી શુકજી કહે છે : પ્રથમ જે એકલા જ હતા, ત્યાર પછી એ જ પુરુષ થયા, પછી 'હું બહું થાઉં' એવી ઇચ્છાથી ઘણા થયા. પછી જગતના ઉત્પત્તિ સ્થિતિ અને લયની ક્રીડા કરવા પોતાની માયાના ગુણરૂપ ત્રણ શક્તિઓનો સ્વીકાર કર્યો. પછી અંદર જ અંતર્યામીરૂપે પ્રવેશ કર્યો, અને સર્વથી કે કોઈથી પણ જેમનો માર્ગ જાણી શકાતો નથી તેવા પરપુરુષને નમસ્કાર. આ શ્લોકમાં સૃષ્ટિ, સ્થિતિ, લય, ભોગ અને મોક્ષ થાય એ માટે ભગવાનના મૂળરૂપ, સમષ્ટિરૂપ, વ્યષ્ટિરૂપ, અંતર્યામીરૂપ અને ફલરૂપ એવાં પાંચ રૂપો કહ્યાં.

સત્પુરુષોના પાપનો નાશ કરનારા સંતનો ફરી જન્મ ન થાય એ માટે સર્વસત્ત્વ-વાળા દેહ ધારણ કરનારા, પરમહસંના આશ્રમમાં રહેનારા-યોગીઓને પણ વારંવાર શોધવા યોગ્ય આત્માનો સાક્ષાત્કાર કરાવનારા ભગવાનને હું નમસ્કાર કરું છું. આ શ્લોકમાં અવતાર લેવાના પ્રયોજન સંબંધી સંદેહ દૂર કર્યો.

સાત્વતો(વૈષ્ણવો)ના પતિ અને ભક્તિથી જુદા ભક્તિહીન એવા કુયોગીઓને જેમની દિશા પણ દૂર છે એવા પ્રભુને હું વારંવાર નમસ્કાર કરું છું. જે ભગવાન અસાધારણ, જેના સમાન અથવા અધિક કોઈ ન હોય તેવા, સર્વોત્કૃષ્ટ ઐશ્વર્યથી સ્વસ્વરૂપમાં રમણ કરનાર છે. એમને હું નમસ્કાર કરું છું. આ શ્લોકથી પ્રયોજન સંબંધી સંદેહ દૂર કરી ભગવાન કેવળ ભક્તિથી જ પ્રાપ્ત થાય એવા છે એમ સિદ્ધ કર્યું.

જેમનાં કીર્તન, સ્મરણ, દર્શન, વંદન, શ્રવણ અને પૂજન લોકના પાપનો તરત નાશ કરે છે તે ઘણી ઉત્તમ કીર્તિવાળા પ્રભુને વારંવાર નમસ્કાર હો. આ છ પ્રકારની ભક્તિથી સંસારીઓના પાપનો તરત જ નાશ થાય છે. આ છ પ્રકારની ભક્તિ આધિભૌતિક, આધ્યાત્મિક, આદિદૈવિક ભગવાનના અપરાધથી થયેલાં, ભગવાનના માહાત્મ્યજ્ઞાનને અટકાવનારાં અને માયા અને એનાં કાર્યોથી થયેલાં એવાં છ પ્રકારનાં પાપોનો નાશ કરનારી હોવાનું કહીને કીર્તિ જો એટલેથી જ અટકતી હોય તો અંતે મોક્ષ કરાવનારી ન હોવાથી શાસ્ત્રનો વિરોધ થાય તેથી એ અંતે મુક્તિ કરાવનારી હોવાનું જુદા પ્રકારથી પછીના શ્લોકમાં કહે છે.

આ છ પ્રકારની ભક્તિથી વિલક્ષણ વિવેકી બની રહીને ભક્તો જેમના ચરણારવિંદમાં રહે છે અને આસક્તિ માત્રનો ત્યાગ કરી, ક્લેશરહિત બની રહીને બ્રહ્મની ગતિ પ્રાપ્ત કરી શકે છે એવા કલ્યાણકીર્તિ પરમાત્માને મારા વારંવાર નમસ્કાર હો.

આ રીતે જ્ઞાનમાર્ગ અને ભક્તિમાર્ગ સિદ્ધ કરીને કર્મમાર્ગમાં પણ પ્રભુનાં સ્મરણ - કીર્તન આવશ્યક હોવાનું પછી કહે છે. તપસ્વીઓ, દાનમાં તત્પર રહેનારાઓ, યશસ્વીઓ,

દૃઢમનવાળાઓ, મંત્રસિદ્ધો તથા સદાચારીઓ પણ કર્મોનું જેમને અર્પણ કર્યા વિના કલ્યાણ પ્રાપ્ત કરી શખતા નથી એવા ઉત્તમ કીર્તિવાળાને વારંવાર નમસ્કાર હો.

કિરાતો, હૂણો, આન્ધ્ર, પુલિન્દ અને પુલ્કસો, આભીરો, કંક, યવન અને ખસ એવી પાપી જાતિઓ પણ જેમના ભક્તો - વૈષ્ણવોના આશ્રયવાળા બની રહીને શુદ્ધ થઈ શકે છે એવા ભક્ત દ્વારા પણ ભગવાનનું માહાત્મ્ય જણાતું હોવાથી પ્રભવિષ્ણુ અર્થાત્ ઉત્તમ સત્તા પ્રાપ્ત કરાવનાર એવા વિશ્વાધાર પતિને હું નમસ્કાર કરું છું.

આ રીતે ૧૨ થી ૧૮ શ્લોકોમાં સાત નમન કરી સર્વ શાસ્ત્રોનો નિર્ણય કહ્યો, સ્વરૂપથી અને પ્રમાણથી સર્વ સંદેહો દૂર કર્યા અને હવે ૧૯ થી ૨૩ સુધીના પાંચ શ્લોકોમાં શુકદેવજી પાંચ પ્રાર્થનાનાં વાક્યોથી ભગવાનના માહાત્મ્યનું વર્ણન કરે છે.

વેદમય, ધર્મમય, તમોમય, સર્વેના આત્મા, શુદ્ધ અંતઃકરણવાળાઓના અધીશ્વર, કેવળ સત્ય માત્ર, બ્રહ્મા અને શંકરને માટે પણ આશ્ચર્યરૂપ એવા ભગવાન પ્રસન્ન થાઓ.

લક્ષ્મીના પતિ, યજ્ઞના પતિ, પ્રજાપતિ, બુદ્ધિવાનોના પતિ, લોકપતિ, પૃથ્વીપતિ, અંધકવૃષ્ણિ અને સાત્વતોના પતિ તેમ ગતિ પણ અને સત્પુરુષોના પતિ મારા ઉપર પ્રસન્ન થાઓ. જેમના ચરણોના ધ્યાનરૂપ સમાધિથી પવિત્ર કરેલી બુદ્ધિથી કવિઓ આત્માના તત્ત્વને નિશ્ચય જાણે છે અને યથારુચિ કહે છે તે ભગવાન મુકુંદ મારા ઉપર પ્રસન્ન થાઓ.

પૂર્વે બ્રહ્માના હૃદયમાં પ્રથમ ઉત્તમ સ્મૃતિ કરાવી અનુભવ કરેલા ભગવદીય પદાર્થોથી સૃષ્ટિ રચાવનાર અને પ્રેરક બનીને બ્રહ્માના મુખમાંથી વેદરૂપી શ્રેષ્ઠ વાણી પ્રકટાવનાર, ઋષિઓમાં શ્રેષ્ઠ એવા ભગવાન મારા ઉપર પ્રસન્ન થાઓ.

જે વ્યાપક પંચ મહાભૂતો વડે આ સર્વ દેહોનું નિર્માણ કરી તે તે દેહમાં પોતે અંતર્યામીરૂપે વસે છે અને પુરુષ કહેવાય છે તથા અગિયાર ઇન્દ્રિયો અને પાંચ મહાભૂતો એમ સોળે પ્રકારના થઈ સોળ કળાઓ અર્થાત્ ગુણોનો ભોગ કરે છે તે ભગવાન મારાં વચનોને ઉત્તમ શ્રોતાજનોને હર્ષ ઉપજાવે તેવા શૃંગાર કરુણ વગેરે રસોથી શોભાયમાન કરો.

આ પ્રમાણે પ્રાર્થના દ્વારા ભગવાનનું માહાત્મ્ય દર્શાવીને પછી શુકદેવજી પોતાના ગુરુ-પિતા ભગવાન વ્યાસને એક શ્લોકથી નમસ્કાર કરે છે :

સર્વને મોક્ષ આપવા માટે જ ભગવાન વ્યાસનો અવતાર થયો છે તે સાક્ષાત્ વાસુદેવ રૂપ હોઈ જ્ઞાનમય અર્થાત્ સર્વ વસ્તુઓનું જ્ઞાન કરાવનારી શબ્દપ્રકારની સૃષ્ટિ જેમણે રચી છે એવા સર્વના ગુરુ વ્યાસજીને નમસ્કાર કરું છું.

પછી કહ્યું કે હે રાજન્ ! પૂર્વે આ જ પ્રશ્ન નારદે બ્રહ્માને કર્યો હતો તે ઉપરથી બ્રહ્માએ પોતે સાક્ષાત્ શ્રીહરિ પાસેથી સાંભળેલી કથા સ્વયંભૂ એવા એ વેદગર્ભ નારદજીને કહી હતી.

(૫મો અધ્યાય) નારદે પૂછ્યુ હતું કે હે દેવોના દેવ ! હે પ્રાણી માત્રના શુદ્ધ કરનાર પિતા ! આપને નમસ્કાર હો. આત્માના તત્ત્વના વિચારવાળું જે જ્ઞાન તે જણાવો. હે પ્રભુ ! એ તત્ત્વ કેવા રૂપનું, ક્યા અધિષ્ઠાનવાળું, આ જગત જેમાંથી યા જેનાથી સર્જાયું, જેના આશ્રયવાળું છે, જેમાં લય પામે છે, જેને અધીન છે અને જેવું છે તે યથાર્થપણે મને કહો. આપ ભૂત ભવિષ્ય અને વર્તમાનના પ્રભુ છો. આ બધું જાણો છો, હાથમાં રહેલા આમળાની જેમ વિશ્વ આપના જ્ઞાનથી નિશ્ચિત થયેલું છે. આપનું જ્ઞાન કોનાથી ? આપનો આધાર કોણ ? આપનો નિયામક કોણ ? આપનું સ્વરૂપ શું ? કરોળિયાની જેમ પોતાની શક્તિને આધાર આપી એકલાં મહાભૂતોથી જ સર્જન કરો છો, પાલન કરો છો અને પછી તિરોભાવ કરો છો ? આ સર્વ તમારાથી જ થાય છે એમ હું જાણતો હતો, પણ હે શક્તિમાન ! આપે તો ઘણા સાવધાન બની રહી જે ઘોર તપ કર્યું એથી મને શંકા થવાથી હું પૂછું છું કે તમારાથી પણ ઉત્તમ બીજો કોણ છે ? આ બધું હું જાણું તેવી રીતે, અધિકાર પ્રમાણે, મને કહો. અહીં સુધીમાં નારદે તેર પ્રશ્નો કર્યા છે. જ્ઞાનના પ્રશ્નો, તત્ત્વસંબંધી છ પ્રશ્નો, બ્રહ્માસંબંધી ચાર પ્રશ્નો અને જે સર્વોચ્ચ છે તે અંગેનો પ્રશ્ન. બ્રહ્માએ કહ્યું કે હે વત્સ ! આવા પ્રશ્નો પૂછનાર તું જીવો પ્રત્યે દયાળુ છે. હે સૌમ્ય ! આ પ્રશ્નોથી તો મને ભગવાનનાં પરાક્રમોને-ભગવલ્લીલાને પ્રકટ કરવાની પ્રેરણા મળી છે. સૂર્ય, અગ્નિ, ચંદ્ર, નક્ષત્રો, ગ્રહો અને તારાઓની જેમ હું પણ પરમ બ્રહ્મ પરમાત્માના પ્રકાશથી પ્રકાશિત એવા વિશ્વનો પ્રકાશ કરું છું. તારા બધા જ પ્રશ્નોનો ઉત્તર ભગવાન જ છે. એ જ જ્ઞાન વગેરે છ પ્રકાશના પણ પ્રકાશ એવા ભગવાન વિષયમાં શ્રુતિ તો કહે છે કે ત્યાં સૂર્ય પ્રકાશતો નથી, ચંદ્ર અને તારાઓ પ્રકાશતા નથી, વિદ્યુત પ્રકાશતી નથી, પછી અગ્નિ તો કેમ પ્રકાશે ? એમના પ્રકાશથી જ આ સર્વ પ્રકાશે છે. લોક અને વેદમાં પ્રસિદ્ધ એવા એ ભગવાન વાસુદેવને નમન છે. અહીં નમન એટલે ભક્તિ છે અને એથી નમનનું પ્રયોજન મોક્ષ છે. નિદિધ્યાસન અંદર રહેલું સાધન છે તે 'ધ્યાન કરીએ છીએ' શબ્દથી કહેલું છે. એ ભગવાનની મોહ કરનારી માયાથી મોહ પામેલાઓ "હું" "મારું" એમ બડાઈ કરે છે. તારા જેવા મને જગદ્‌ગુરુ કહે છે, પણ વાસ્તવમાં એ પરમાત્માએ પ્રકાશિત કરેલા જગતનું જ હું પ્રકાશન કરું છું. ભગવાનની એ માયા ભગવાનની સંમુખ રહેવાના અધિકારીને મોહ પમાડતી નથી, પાછળ પ્રવૃત્તિ કરનારાઓને જ મોહ કરે છે. હે બ્રહ્મન્ ! દ્રવ્ય અર્થાત્ જડ પદાર્થોની સૃષ્ટિનું સમવાયી કારણ, મહાભૂતો વગેરે કર્મ જગતના આવિર્ભાવનું સાધારણ કારણ અને च શબ્દથી જણાવેલ પ્રાણીઓના સંસ્કારરૂપ કાલ અર્થાત્ ગુણોનો ક્ષોભ કરનાર કારણ બનેલ જે સર્વના આધારરૂપ જણાય છે, સ્વભાવ-ફેરફારના કારણરૂપ જીવ, ભોગ કરનાર ભગવદ્‌અંશ અને च શબ્દથી જણાવેલ એનું અભિમાન કરનાર દેવતા વગેરે આ સર્વ ભગવાન વાસુદેવથી ભિન્ન નથી. ગુણનો ભેદ નથી, સ્વરૂપનો ભેદ નથી, અધિષ્ઠાનનો પણ ભેદ નથી. આ રીતે અભેદ છે, પણ જીવો અંશરૂપ હોવાથી ભગવાન નથી, ભગવાનથી ન્યૂન છે એમ સમજવાનું છે. શબ્દો સાથે દ્રવ્ય વગેરે પદાર્થોનો સંબંધ નિત્ય છે. જુદા ગુણવાળાં દ્રવ્ય વગેરે ભગવદ્‌રૂપ છે, નિત્ય

હોવાને લીધે એવો અર્થ હોવાથી નિત્ય છે. હે સૌમ્ય, આ પહેલાં સત જ હેતુ એ શ્રુતિ પ્રમાણે સર્વ સદ્રૂપ હોવાથી નિત્ય છે. વિકલ્પો માત્ર વચલા કરનારા હોવાથી, ભગવદ્રૂપ હોવાથી જ અર્થરૂપ છે એવો તર્ક છે. પછી વિમર્શરૂપ અંગે કહ્યું કે વેદોનું પ્રયોજન નારાયણ છે, દેવો નારાયણના અંગમાંથી ઉત્પન્ન થયેલા છે, લોકો નારાયણમાં સમાયેલા છે, યજ્ઞોનું પ્રયોજન નારાયણ છે, યોગો નારાયણમાં પરિણમે છે, તપ નારાયણમાં સમાઈ જાય છે, જ્ઞાનનું પ્રયોજન નારાયણ છે, ગતિ નારાયણમાં પરિણમે છે. હવે ભગવાન પ્રયોજનવાળા હોવાનો વિચાર કરવાનો છે. ઈતિહાસ અને પુરાણો પાંચમો વેદ છે એ પ્રમાણે પુરાણ વેદ હોવાથી એનું પ્રયોજન ભગવાન ન હોય તો પાક્ષિક દોષ થાય. આ સંબંધની વિચારણા આગળ વિસ્તારથી કરવાની હોવાથી ભાગવતકાર પછીના ચાર પ્રશ્નોનો ઉત્તર આપતાં કહે છે કે એ દ્રષ્ટા, ઈશ, વિકાર વિનાના, સર્વના અંતર્યામી, સર્વમાં વ્યાપ્ત અને સર્વના આત્મારૂપ મારા પણ સર્જક છે અને તેમની કૃપાદષ્ટિથી પ્રેરણા પામી તેમણે સર્જવા ધારેલું હું સર્જું છું. સત્ત્વ રજ અને તમ એવા નિર્ગુણના ત્રણ ગુણો શક્તિવાળાની માયાએ સ્થિતિ સર્ગ અને લયમાં ગ્રહણ કરેલા છે. એમાં સદ્રૂપથી તત્ત્વ નીકળેલું સત્ત્વ કહેવાય છે, માત્ર ચિદ્રૂપથી નીકળેલું એમાં ક્રિયાશક્તિ મુખ્ય હોવાથી અને આનંદ ન હોવાથી રજ કહેવાય છે અને આનંદ અંશમાંથી નીકળેલું તમ કહેવાય છે. ભગવાને એમને ભગવદ્રૂપ જ સર્જેલાં છે. ભગવાન તો નિર્ગુણ છે, પણ સ્થિતિ સર્ગ અને લય માટે એ ગુણો પોતાની પેલી મોહ કરનારી નહીં, પણ માત્ર જગત રચનારી માયા શક્તિથી ગ્રહણ કરેલા છે. કાર્ય કારણ અને કર્તૃપણામાં દ્રવ્ય જ્ઞાન અને ક્રિયાના આધારવાળા એ ગુણો સદા માયાવાળા પુરુષનું બંધન કરે છે. ભગવાન તો વિકારરહિત અને સર્વ સ્વરૂપવાળા છે, સૃષ્ટિ રચાવનાર છે અને માયા સાધન હોવાથી ભગવાને પોતાનું સાધનરૂપ સ્વરૂપ એમાં મૂક્યું તેથી એ રચનારી થઈ. ગુણો પુત્રોની જેમ એ માયાને વશ રહે છે તેથી જે કોઈ ભગવાનનો અંશ એવો જીવ એ માયામાં અથવા એના કાર્યમાં રમવાની ઈચ્છા કરે છે તેનું એ ગુણો બંધન કરે છે. હે બ્રહ્મન્ ! આ ત્રણ ચિહ્નોથી જેમની મતિ સારી રીતે જણાયેલી નથી અને જેમનું જ્ઞાન ઇન્દ્રિયોથી થતું નથી તેવા એ ભગવાન બધાના અને મારા ઈશ્વર છે. માયાપતિ એવા એ ઈશ્વરને 'હું જુદા જુદા રૂપવાળો થાઉં' એમ ઉત્તમ પ્રકારે ઘણા થવાની ઇચ્છા થઈ ત્યારે તેમણે અકસ્માત્ પોતામાંથી આવેલાં કાલ કર્મ અને સ્વભાવને પોતાની માયાથી ગ્રહણ કર્યાં. એ પછી એ ત્રણનો ઉપયોગ દર્શાવતાં કહ્યુ કે કાલથી ગુણોનો સંબંધ થયો, સ્વભાવથી ગુણોનો પાક થયો અને કર્મથી મહત્‌નો જન્મ થયો. તેઓના મુખ્યપણાવાળું, રજ અને સત્ત્વથી પુષ્ટ થયેલું મહત્ વિકાર પામતાં તો દ્રવ્ય ગુણ અને ક્રિયારૂપ થયું. અહંકાર એ નામે કહેવાયેલો એ વિકાર પામતાં ત્રણ પ્રકારનો થયો. વૈકારિક અને તૈજસ અને તામસ એવા ભેદથી એ દ્રવ્યની શક્તિવાળો અને જ્ઞાનની શક્તિવાળો થયો. આ ત્રણે પ્રકારના અહંકાર પૈકી તામસ અહંકારમાં પાંચ મહાભૂતોને ઉત્પન્ન કરવાની શક્તિ છે, રાજસમાં સર્વ ઇન્દ્રિયોને ઉત્પન્ન કરવાની શક્તિ છે અને વૈકારિક અર્થાત્ સાત્ત્વિકમાં મન અને ઇંદ્રિયોના દેવોને ઉત્પન્ન કરવાની શક્તિ છે.

તામસ અહંકાર વિકાર પામતાં નભ યા આકાશ ઉત્પન્ન થયું. આ આકાશનું સૂક્ષ્મ સ્વરૂપ અને ગુણ શબ્દ છે, જે દૃષ્ટ અને દૃશ્ય એ બન્ને વસ્તુને જણાવનાર છે. પછી આકાશ વિકાર પામ્યું એટલે એમાંથી સ્પર્શ ગુણવાળો વાયુ થયો. પ્રાણ, ઓજ, સહ અને બલ એનાં કાર્યો છે. કાલ કર્મ અને સ્વભાવથી વિકારવાળા થતા વાયુમાંથી પણ સ્પર્શવાળું અને શબ્દવાળું રૂપવાળું તેજમાંથી તો રસાત્મક જલ થયું. ધ્વનિરૂપ શબ્દવાળા જલમાંથી ગંધવાળી પૃથ્વી થઈ. તામસ અહંકારની સૃષ્ટિ દર્શાવી પછી સાત્ત્વિક અહંકારની સૃષ્ટિ દર્શાવાઈ છે. સાત્ત્વિકમાંથી મન અને દિશા, વાત, સૂર્ય, પ્રચેતા, અશ્વિનીકુમાર, અગ્નિ, ઇન્દ્ર, ઉપેન્દ્ર, વિપ્ર અને બ્રહ્મા એ દશ વૈકારિક દેવો થયા વિકાર પામતા રાજસ અહંકારમાંથી શ્રોત્ર, ત્વચા, ઘ્રાણ, ચક્ષુ અને જીભ એ પાંચ જ્ઞાનેંદ્રિયો અને વાણી, હાથ, પગ, ગુદા અને ઉપસ્થ એ પાંચ કર્મેન્દ્રિયો તથા જ્ઞાનશક્તિવાળી બુદ્ધિ અને ક્રિયાશક્તિવાળો પ્રાણ ઉત્પન્ન થયાં. હે બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ઠ નારદ ! આ સર્વ પદાર્થો જુદા જુદા હતા. ભગવાનની શક્તિથી પ્રેરણા પામી તે પદાર્થો પરસ્પર મળ્યા અને પછી એઓએ સત્ અને અસત્‌નો આશ્રય કરી સમષ્ટિ અને વ્યષ્ટિરૂપ આ બ્રહ્માંડનું નિર્માણ કર્યું. એક હજાર વર્ષોના સમૂહોને અંતે જીવન વિનાના જલમાં રહેલા એ બ્રહ્માંડને પરમાત્માએ સચેતન કર્યું અને એ જ પરમાત્મા બ્રહ્માંડને ભેદીને એક હજાર સાથળ ચરણ બાહુ અને નયનવાળા, એક હજાર મુખ અને શિરવાળા વિરાટ-સ્વરૂપે બહાર પ્રકટ થયા. ભગવાનના વિરાટ સ્વરૂપનું વર્ણન ધારણાના વિષય અંગે પ્રથમ અધ્યાયમાં ટૂંકાણમાં થયેલું છે. અહીં બ્રહ્માનું, સૃષ્ટિલીલાઓ અને એ વિરાટપુરુષની વિભૂતિનું વર્ણન કરવામાં આવ્યું છે. કહેવાયું છે કે એમના કટિ વગેરે અવયવો નીચે સાત અને જાંઘ વગેરે અવયવોથી ઉપર સાત એમ ચૌદ લોકની વિદ્વાનોએ કલ્પના કરી છે. આ વિરાટ પુરુષના મુખમાંથી બ્રાહ્મણ, બાહુઓથી ક્ષત્રિયો, સાથળોમાંથી વૈશ્યો અને ચરણોમાંથી શૂદ્રો ઉત્પન્ન થયા છે. એ પરમાત્માના બે ચરણોમાંથી ભૂર્લોક, નાભિમાંથી ભુવર્લોક, હૃદયથી સ્વર્લોક, છાતીમાંથી મહર્લોક, ગ્રીવામાંથી જનલોક, બે સ્તનમાંથી સત્યલોક કલ્પાયા છે, બ્રહ્મલોક તો સનાતન છે. પછી નીચેના સાત લોક દર્શાવતાં કહ્યું છે કે કટિમાંથી અતલ, સાથળોમાંથી વિતલ, ઢીંચણોમાંથી પવિત્ર સુતલ, પીંડીઓમાં તલાતલ, ઘૂંટીઓમાં મહાતલ, પગના બે ફણાઓમાં રસાતલ અને પગનાં તળિયાંમાં પાતાલ કલ્પાયાં છે. આ રીતે વિરાટ પુરુષ સર્વ લોકમય છે. ચરણોથી ભૂર્લોક, નાભિથી ભુવર્લોક, અને મસ્તકથી સ્વર્લોક એમ ત્રણ લોકની પણ કલ્પના થઈ છે. અધિકાર પ્રમાણે વ્યવસ્થા કરવી. સાત્ત્વિકો માટે ચૌદ લોકનો પક્ષ, રાજસો માટે સાત લોકનો અને તામસો માટે ત્રણ લોકનો પક્ષ છે એમ સમજવાનું છે. વિદ્યાઓ ચૌદ છે, યજ્ઞો સાત છે અને ગુણો ત્રણ છે, તેથી એ ગુણોવાળા માટે ત્રણ પક્ષ કહેવા છે.

આ પાંચમા અધ્યાયમાં મૂર્ત પદાર્થોના જન્મરૂપ ઉત્પત્તિ કહી, છઠ્ઠા અધ્યાયમાં અમૂર્ત જીવોનો મૂર્ત પદાર્થ સાથેનો સંબંધ કહેવાયો છે. આ અધ્યાયમાં અધ્યાત્મ આદિ ભેદથી વિરાટ પુરુષની વિભૂતિ કહી છે અને પૂર્વોક્ત સર્વ વાતને પુરુષસૂક્તથી દૃઢ કરી છે.

બ્રહ્માએ કહ્યુ : વાણી અને અગ્નિનું સ્થાન મુખ છે. આપણી વાક્ ઇન્દ્રિય અને તે ઇન્દ્રિયના દેવતા અગ્નિનું સ્થાન એ વિરાટ પુરુષનું મુખ છે. ગાયત્રી, જગતી, ઉષ્ણિક, ત્રિષ્ટુપ, અનુષ્ટુપ, પંક્તિ અને બૃહતી એ સાત અમૂર્ત છંદોનું સ્થાન ભગવાનના અમૂર્ત આધિદૈવિક અવયવો ત્વચા, માંસ, રુધિર, મેદ, મજ્જા, સ્નાયુ અને અસ્થિ એ દેવતારૂપ સાત ધાતુઓ છે. તેમની જીભ દેવોનું અન્ન (હવ્ય), પિતૃઓનું અન્ન (કવ્ય), અમૃત અતિથિ વગેરે માટેનું અન્ન, અનાયાસે પ્રાપ્ત થયેલું વ્રતનું કારણ બનેલ અન્ન, બ્રાહ્મણને જમાડતાં વધેલું અન્ન અથવા પ્રાણ વગેરે દ્વારા જ્ઞાનમાં સાધનરૂપ અન્ન એ સર્વ અન્નોમાં રહેલા મધુર, તીખા, ખાટા, કડવા, તૂરા અને ખારા એ છ રસોનું તથા તેના અધિશાયક વરુણ દેવનું ઉત્પત્તિ-સ્થાન (જીભ) છે. તેમની નાસિકા સર્વના પ્રાણોનું અને વાયુનું ઉત્તમ સ્થાન છે. અશ્વિની-કુમારો અને ઓષધિઓનું તથા મોદ અને પ્રમોદનું સ્થાન તેમની ઘ્રાણેન્દ્રિય છે. રૂપો અને તેજોનો આધાર ચક્ષુ, સ્વર્ગ અને સૂર્યનો બે નેત્રો, દિશાઓ અને તીર્થોનો બે કાનો, અને આકાશ અને શબ્દનો આધાર શ્રોત્ર છે. ઉત્તમ વસ્તુ અને સૌંદર્યનું ભાજન એમનું શરીર છે. એમની ત્વચા સ્પર્શ અને વાયુનું અને વળી સર્વ પવિત્રપણાનું સ્થાન છે. રુવાટાં જે વડે યજ્ઞ વગેરે થાય છે તે વૃક્ષોનું, કેશ મેઘોનું, દાઢી વીજળીનું અને નખો શિલાઓ અને લોઢાનું સ્થાન છે. એમના બાહુઓ પાલન કરનારા દેવોનું તેમ નિષ્કામ કર્મ કરનારા ધર્મિષ્ઠોનું સ્થાન છે. શ્રીહરિનું ચરણ તો ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્ગલોકનું, ક્ષેમ અને શરણનું, સર્વકામનાઓનું સ્થાન છે. એમનું લિંગ પાણીનું, વીર્યનું, ઉત્પત્તિનું, વરસાદનું સ્થાન છે. ઉપસ્થલ ઇન્દ્રિય છે અને તે પ્રજાપતિથી થતા આનંદ તથા કામની શાંતિનું સ્થાન છે. હે નારદ ! યમ, મિત્ર અને પરમોક્ષનું સ્થાન પાયુ છે. હિંસાનું નિર્ઋતિનું મૃત્યુનું અને નરકનું સ્થાન ગુદા છે. પૂંઠનો ભાગ પરાજયનું અધર્મનું અને તિમિરનું સ્થાન છે. નાડીઓ શોણ ભદ્ર વગેરે નદો અને યમુના વગેરે નદીઓનું અને અસ્થિઓનો સમૂહ પર્વતોનો આશ્રય છે. પ્રકૃતિ અને રસના સમુદ્રોનું, મહાભૂતોનું અને મૃત્યુનું સ્થાન એમનું ઉદર છે અને મનનું સ્થાન હૃદય જણાયેલ છે. ધર્મનું, મારું અને તારું, કુમારોનું મહાદેવનું, વિજ્ઞાન અને તત્ત્વનું સ્થાન ભગવાનનું અંતઃકરણ છે. હું, તું, મહાદેવ પણ અને મરીચિ આદિ મુનિઓ, સનક વગેરે તારા મોટા ભાઈઓ, દેવો, અસુરો, પર્વતો, નાગો, પક્ષીઓ, પશુઓ, સરીસૃપો તદુપરાંત ગંધર્વો અને અપ્સરાઓ, યક્ષો, રાક્ષસો, ભૂતોના સમૂહો, ઉરગો, પશુઓ, પિતૃઓ, સિદ્ધો, વિદ્યાધરો, ચારણો, વૃક્ષો અને અન્ય જલસ્થલ અને આકાશમાં રહેનારા વિવિધ પ્રકારના જીવો, ગ્રહો, નક્ષત્રો, ધૂમકેતુ વગેરે કેતુઓ, તારાઓ, વીજળીઓ અને ગર્જના કરતા મેઘો વગેરે સર્વ કોઈ થઈ ગયેલું, થનારું અને જે છે તે સર્વ એ વિરાટ પુરુષ જ છે. આખું વિશ્વ એણે ભરી દીધું છે છતાં તેઓ વિતસ્તિ વેંત જેટલા વધારે છે. એ પુરુષ સીમા વગરનો અને સ્વયંપ્રકાશિત છે, અમૃત અને અભયના ઈશ્વર છે. હે બ્રહ્મન્ ! એ પુરુષનો મહિમા તો અગાધ છે. આ પ્રમાણે કહી, ભગવાનનું માહાત્મ્ય દર્શાવીને, સર્વ ફૂલોના સ્વામી છો, લોકો જેમનાં ચરણ છે તેવા પુરુષના ચરણોમાં સર્વપ્રાણીઓ હોવાનો અનુભવ કરે છે એમ કહ્યું

છે. ત્રણ મસ્તકવાળાના મસ્તકોમાં અમૃત ક્ષેમ અને અભય રહેલાં છે. પુરુષસૂક્તમાં સર્વ પ્રાણીઓ આમનું ચરણ છે એમ કહી એમનું માહાત્મ્ય કહેલું છે. અઢારમા શ્લોકમાં एतावानस्य महिमातो ज्यायाँश्च पूरुषः । पादोऽस्य विश्वा भूतानि (ઋ. સં. ૧૦.૯૦.૩) એ પુરુષસૂક્તના મંત્રનો જ અર્થ જણાવ્યો છે. મહર્લોકની ઉપર આવેલા જન, તપ અને સત્ય એ ત્રિલોકમાં નૈષ્ઠિક બ્રહ્મચારી, વાનપ્રસ્થ અને સંન્યાસીઓ નિવાસે છે. અને અનુક્રમે અમૃત, ક્ષેમ અને અભય સુખ ભોગવે છે. બ્રહ્મચર્યથી રહિત જે ગૃહસ્થાશ્રમી છે તે ભૂર્લોક, ભુવર્લોક અને સ્વર્લોકમાં નિવસે છે. નાશવંત સુખ ભોગવે છે અને શ્રુતિ પ્રમાણે અહીં પુનઃ પુનઃ જન્મે છે. ભગવાનની બે શક્તિઓ છે અવિદ્યા અને વિદ્યા. એમાં અવિદ્યા ભોગવાળા માર્ગે છે. અને વિદ્યા ભોગ વિનાના માર્ગે જાય છે. પુરુષ તો બન્નેના આશ્રયવાળા છે. આ રીતે માર્ગના ભેદથી, ભોગ કરનારના ભેદથી ફલના ભેદ હોવાનું કહીને એ પુરુષમાંથી વિરાટ પુરુષ ઉત્પન્ન થયો એમ કહેવા કહ્યું કે એમાંથી બ્રહ્માંડ થયું, તેમાંથી મહાભૂત ઇંદ્રિય અને ગુણરૂપ વિરાટ થયા. આ પ્રમાણે જડ રૂપ અને વિરાટરૂપ એમ બે પ્રકારનું વિશ્વ દર્શાવીને તથા વશ રહેનાર અને વશ રાખનારની સ્થિતિ માટે વિરાટરૂપ અને નારાયણ એમ બે પુરુષો દર્શાવીને પછી યજ્ઞરૂપ ભગવાનનો પણ સર્વ પદાર્થો સાથે સંબંધ હોવાનું શ્રવણ થયેલ હોવાથી યજ્ઞનાં સાધન બનેલ પદાર્થોનું તત્ત્વ પણ વસ્તુતઃ ભગવાન છે એમ કહ્યું છે. બ્રહ્માએ કહ્યુ કે આ મહાત્માની નાભિમાંથી ઉત્પન્ન થયેલા કમળમાંથી હું ઉત્પન્ન થયો ત્યારે પુરુષના અવયવો વિનાની યજ્ઞની સામગ્રી હું જાણતો ન હતો. આનો ભાવાર્થ એ છે કે યજ્ઞમાં ઉપયોગી પદાર્થો જ ભગવાનના અવયવો છે. હે ઉત્તમ પુરુષ (નારદ) ! એમનામાં યજ્ઞનાં પશુઓ, વનસ્પતિઓ સહિત દર્ભો, યજ્ઞભૂમિ, ગુણો સાથેનો કાલ, પાત્રો, ઓષધિઓ, રસો, લોઢું, ધાતુઓ, માટી, જળ, વેદ, મંત્રો, ચાતુર્હોત્ર નામો અને મંત્રો, દક્ષિણાઓ અને વ્રતો, દેવો, કલ્પ સંકલ્પ અને વળી સુત્ર, ગતિ ને મતિઓ, પ્રાયશ્ચિત્ અને સમર્પણ આ સામગ્રીઓ ભેગી કરી એ સામગ્રીથી જ એ જ યજ્ઞરૂપ પુરુષનું મેં પૂજન કર્યું તે પછી મરીચિ વગેરે નવ પ્રજાપતિ તારા ભાઈઓએ મનને એકાગ્ર કરીને પ્રકટ થયેલા અને અપ્રકટ પુરુષનું પૂજન કર્યું. ત્યાર પછી મનુઓએ, ઋષિઓએ, પિતૃઓએ, દેવોએ અને મનુષ્યોએ સમય જતાં યજ્ઞથી પૂજન કર્યું. આ રીતે ભગવાન નારાયણ વિશે આ જગત રહેલું છે. માયાના ગ્રહણથી ઘણા ગુણવાળા થયેલા એ સૃષ્ટિના આરંભમાં ગુણ રહિત મનાયેલા છે. ભગવાને પ્રકાર દેખાડવા પદાર્થો ઉત્પન્ન કર્યા પછી પરંપરા ચાલુ રહે એ માટે જગત ઉત્પન્ન કરવા મને અને સંહાર કરવા માહદેવને આજ્ઞા કરી. ત્રણ શક્તિઓ ધારણ કરી ભગવાન વિષ્ણુરૂપથી વિશ્વનું પરીપાલન કરે છે. હે વત્સ ! સદ્રૂપ અને અસદ્રૂપ કંઈ પણ ભગવાનથી ભિન્ન હોતું નથી. હે પ્રિય નારદ ! મારી વાણી કદી મિથ્યા થતી નથી, મારા મનની ગતિ મિથ્યા થતી નથી તેમ મારી ઇન્દ્રિયો અવળે માર્ગે જતી નથી. એનું કારણ એ છે કે પ્રેમવાળા હૃદયથી મેં હરિને ધારણ કરેલા છે. હું વેદમય છું, તપોમય છું, પ્રજાપતિઓ મને વંદન કરે છે. સાવધાનપણે યોગ આચરું છું છતાં હું જેમનામાંથી મારી ઉત્પત્તિ થઈ છે એમને હું જાણી

શક્યો નથી. અસીમ માયાવૈભવવાળા કલ્યાણના સ્થાનરૂપ એમના મંગળ ચરણને હું નમન કરું છું. જેમની ગતિ હું જાણતો નથી, તમે જાણતા નથી, મહાદેવ જાણતા નથી, તો પછી બીજા કોણ જાણી શકે એમ છે ? માયાથી મોહ પામેલી બુદ્ધિવાળા પોતાની યોગ્યતા પ્રમાણે જ આ જગતને જાણે છે. જેમનાં અવતારકૃત્યોનું ગાન આપણે કરીએ છીએ છતાં તત્ત્વથી એમને જાણતા નથી, એવા એ ભગવાનને નમસ્કાર હો. જન્મરહિત એ આદ્ય પુરુષ કલ્પે કલ્પે પોતે પોતાની અંદર પોતાથી પોતાનો આવિર્ભાવ કરે છે, રક્ષણ કરે છે અને તિરોભાવ પણ કરે છે. હે નારદ ઋષિ ! જે મુનિઓનાં શરીર ઇન્દ્રિયો અને મન જ્યારે અત્યંત શાંત અને શુદ્ધ થાય છે ત્યારે તેઓ ભગવાનની અનુભૂતિ કરી શકે છે. પરબ્રહ્મ પુરુષોત્તમનો પ્રથમ અવતાર પ્રકૃતિનો ભર્તા પુરુષ છે, બીજો કાલ, ત્રીજો સ્વભાવ, સત્ અને અસત્ ક્રમ અથવા પ્રકૃતિ અને મન. આ મન આધિદૈવિક છે, જે સંકલ્પ દ્વારા કામ ઉત્પન્ન કરનારું છે અને જેમાંથી સૃષ્ટિ થાય છે. એ પછી દ્રવ્ય, વિકાર, ગુણ, ઇંદ્રિયો, વિરાટ, સ્વરાટ, સ્થાવર અને જંગમ અવતારો છે. બ્રહ્માથી લઈને ઉત્તમ ગુણોવાળા તરીકે જે કાંઈ લોકમાં પ્રસિદ્ધ છે તે સર્વ વિભૂતિઓ ભગવાનના અવતારતત્ત્વવાળી હોવાનું દર્શાવી સચ્ચિદાનંદરૂપ ઐશ્વર્ય વગેરે સર્વ ગુણો સાથેનું જ છે તે ભગવાનના મુખ્ય અવતારરૂપ હોઇ તેને ભગવાનના લીલાવતારો કહ્યા છે. બ્રહ્મા ક્રમશઃ એ અવતારો નારદ સમક્ષ વર્ણવે છેઃ શ્રીમદ્‌ભાગવતમાં યથાસ્થાને એ અવતારોની કથાઓ વિસ્તારપૂર્વક આલેખાઈ છે. અહીં એ અવતારોનો ક્રમ જોઈ લઈએ :

(૧) વરાહરૂપ લઈ પૃથ્વીનો ઉદ્ધાર કર્યો.

(૨) સુયજ્ઞરૂપે વૃષ્ટિ યજ્ઞ અને કર્મ અંગેનું ત્રણે લોકનું દુઃખ દૂર કર્યું. સ્વાયંભુવ મનુએ એમને 'હરિ' નામથી સંબોધ્યા.

(૩) કર્દમ-દેવહૂતિને ત્યાં કપિલરૂપે અવતર્યા, માતાને આત્માનો ઉપદેશ આપ્યો, સાંખ્યસિદ્ધાંત રજૂ કર્યો.

(૪) અત્રિને ત્યાં દત્તાત્રેયરૂપે અવતર્યા. એમનાં ચરણકમલની રજથી પવિત્ર થયેલા દેહવાળા યદુ હૈહય વગેરેએ યોગની સિદ્ધિ પ્રાપ્ત કરી.

(૫) ચાર સનકાદિરૂપે જન્મ્યા. એ ચાર ભગવાનના આયુધરૂપ છે.

(૬) ધર્મને ત્યાં નર અને નારાયણરૂપે જન્મ્યા, કામ અને ક્રોધના વિજેતા ભગવાનની પ્રસન્નતાના અવતાર.

(૭) આ પછી ભગવાના અવતારે બાળ તપસ્વી ધ્રુવને એવું ધ્રુવપદ આપ્યું કે જે ધ્રુવપદની ઉપર રહેલા ભૃગુ વગેરે ઋષિઓ અને નીચે રહેલા દિવ્ય સપ્તર્ષિઓ પણ સ્તુતિ કરે છે.

(૮) વેનરાજા અવળા માર્ગે ચાલવા લાગ્યો ત્યારે બ્રાહ્મણોના શાપથી તે પુરુષાતનહીન

તેમ ભાગ્યહીન બની રહ્યો હતો અને નરકમાં પડતો હતો તે વખતે વિજ્ઞપ્તિ કરાયેલા એ ભગવાને પુત્રરૂપે પૃથુ-નામે અવતાર ધર્યો અને વેનને બચાવી પૃથ્વીમાંથી ઓષધિમાત્રને દોહી લીધી હતી.

(૯) નાભિ રાજાને ત્યાં એ ભગવાન ઋષભદેવ નામે અવતર્યા હતા, સમદૃષ્ટિવાળા બની રહી સ્વસ્વરૂપમાં જ સ્થિતિ કરતા અને પરમહંસદશામાં વિચરતા હતા.

(૧૦) સુવર્ણ સમાન વર્ણવાળા વેદમય યજ્ઞમય અને બ્રહ્મવિદ્યાની પ્રવૃત્તિ કરાવનાર એવો ભગવાનનો હયગ્રીવ અવતાર હતો. બ્રહ્માના યજ્ઞમાં પ્રગટ થયેલા' એ હયગ્રીવ ભગવાનની શ્વાસ લેતાં નાસિકામાંથી સુંદર વેદવાણી પ્રગટી હતી.

(૧૧) યુગના અંતસમયે પૃથ્વીમય સર્વજીવોના સમૂહના સ્થાનરૂપ મનુએ જોયેલા મત્સ્યાવતારે જલમાં પડી ગયેલા વેદોને લઈ આવીને તે જળમાં વિહાર કર્યો હતો.

(૧૨) પૂર્વે દેવો અને દાનવો અમૃત મેળવવા સમુદ્રમંથન કરતા હતા ત્યારે એ આદિ ભગવાને કાચબાનું સ્વરૂપ ધારણ કરી મંદરાચળ પર્વતને પીઠે ધારણ કર્યો હતો.

(૧૩) જેમનાં અટ્ટહાસ્ય તથા વિકરાળ બની રહેલા મુખથી દેવો પણ ભય પામી ગયા હતા એ ભગવાને નૃસિંહરૂપ ધારણ કરી, હિરણ્યકશિપુને નખો વતી ચીરી નાખી ભક્ત પ્રહ્‌લાદ તથા ભક્તોને બચાવ્યા હતા.

(૧૪) પૂર્વે એક ગજેન્દ્રને સરોવરની અંદરમાંના એક મગરે પકડ્યો ત્યારે તેના પોકારથી તેમ સ્તુતિથી ગરુડની પીઠ પર બિરાજી પધાર્યા હતા અને ચક્ર વડે મગરને મારી ગજેન્દ્રને બચાવ્યો હતો.

(૧૫) અદિતિના બાર પુત્રોમાં સૌથી નાના વામનરૂપે આવિર્ભાવ પામી ભગવાન શ્રીવિષ્ણુએ ત્રણ પગલાંમાં સમગ્ર લોકને દબાવી દીધા હતા. એ યજ્ઞ કરાવનાર થયા અને કહ્યું કે જે પુરુષ ધર્મમાર્ગે ચાલે છે તેને મહાસમર્થ પુરુષો પણ યાચના વિના ઐશ્વર્યથી ભ્રષ્ટ કરી શકતા નથી.

(૧૬) હે નારદ ! તમારા અત્યંત ભક્તિભાવથી ભગવાને હંસનું રૂપ લઈને તમને ભક્તિયોગ તથા આત્મતત્ત્વને પ્રકાશ કરનારા જ્ઞાનસાધન એવા ભાગવત ધર્મનો ઉત્તમ રીતે ઉપદેશ કર્યો હતો.

(૧૭) મન્વન્તરના અવતારમાં તે ભગવાન મનુ વેશ ધારણ કરી, ચક્ર દ્વારા પ્રભાવિત બની રહી, દુષ્ટ રાજાઓને શિક્ષા કરી સત્ય યુગમાં પણ પરમ કીર્તિમાન બની રહે છે.

(૧૮) મૂર્તિમાન કીર્તિસ્વરૂપ અને જેમના દ્વારા મૃત્યુરહિત આયુષ પ્રાપ્ત થાય છે એવા ભગવાને ધન્વંતરિસ્વરૂપે આયુર્વેદશાસ્ત્રનો ઉપદેશ કર્યો.

(૧૯) ક્ષત્રિયો માર્ગથી ભ્રષ્ટ બની રહી બ્રાહ્મણોનો દ્રોહ કરતા હતા ત્યારે ઉગ્ર પરાક્રમી ભગવાને પરશુરામ-અવતાર ધરી પૃથ્વી પરના દુષ્ટો હતા એવા ક્ષત્રિયોનો એકવીસ વાર નાશ કર્યો હતો.

(૨૦) રામાવતારમાં ભગવાન દેવોના હિતનું કાર્ય કરવા એમની કલાઓ સાથે દશરથ રાજાને ત્યાં જન્મ્યા. રાક્ષસો સહિત રાવણનો નાશ કર્યો. ગુરુની આજ્ઞામાં રહેતા પિતાના વચનપાલન અર્થે સ્ત્રી અને ભાઈ સાથે વનવાસ સેવતા એ ભગવાનની સાથે વિરોધ કરીને એ દશકંઠવાળો ઘણું દુઃખ પામ્યો અને અંતે હણાયો.

(૨૧) રામચંદ્રજીના હાસ્યને લીધે સુંદર એવા સ્વરૂપનું વર્ણન કરીને બ્રહ્મા હવે ઉદાર લીલા સાથેના હાસ્યવાળી દૃષ્ટિથી ઉલ્લાસ પામતી બે ભ્રૂકુટીના ભંગથી સૂચવેલ છે ઘણો અનુગ્રહ જેમણે એવા સ્વરૂપનું હવે પછી અવતાર લેનાર ભગવાન શ્રીકૃષ્ણના સ્વરૂપનું નિરૂપણ બ્રહ્મા નારદની સમક્ષ શ્લોક ૨૬ થી શ્લોક ૩૫ સુધી કરે છે. ઉદારપણું, લીલાપણું, હાસ્યપણું, દૃષ્ટિપણું, ઉલ્લાસપણું, ભ્રૂકુટિપણું, ભંગપણું, સૂચવેલ હોવાપણું, ઘણાપણું અને અનુગ્રહપણું એવા દશ જ પદાર્થો નામથી કહેલ છે. આથી એમ સૂચવેલું છે કે દશે પ્રકારની લીલાઓ આ અવતારમાં થશે. આથી એમ સૂચવેલ છે કે દશ પ્રકારની લીલાઓ એકમાં રહેલી હોવાથી એક પ્રયોજનવાળી છે. એમનું ઉપપત્તિથી નિરૂપણ કરતાં આગળ ૨-૧૦-૧માં નામથી જણાવશે. એ પૈકી ઉદારપણું સૃષ્ટિ છે, વિસર્ગ લીલા હોવાનું સ્પષ્ટ છે, હાસ્યપણું સ્થાન છે, દૃષ્ટિ પુષ્ટિ છે. ભ્રૂકુટી ઊતિ છે, ભંગ સદ્ધર્મ છે, ઈશાનુકથાથી ઉલ્લાસપણું છે અથવા ક્રમ પ્રમાણે પ્રહ્‌લાદને ભગવાનનું સ્મરણ વાસનાથી થતું હોવાથી અથવા જય અને વિજયનું પતન કરાવનાર સનક વગેરેના બીજા જન્મરૂપ એ હોવાથી ઊતિરૂપ છે. એ ભગવાનનો પ્રાદુર્ભાવ થવામાં કારણરૂપ હોવાથી ઉલ્લાસરૂપ છે. ત્યારે સદ્‌ધર્મ ભ્રૂકુટિરૂપ અને ભંગ વંશરૂપ થાય છે, કારણ કે એમાં આત્મા પોતાના વિભાગ કરે છે. સૂચવવાનો નિરોધ છે એ આગળ સિદ્ધ કરીશું. ઘણાપણું મુક્તિ છે. અનુગ્રહ આશ્ચર્ય છે. આ દશ પ્રકારની લીલા શ્રીકૃષ્ણની હોવાથી આ ભગવાન અવતાર હોવા છતાં અવતારી છે.

આરંભમાં સર્ગરૂપ ઉદારપણું જણાવતાં કહે છે કે દૈત્યો, દાનવો, રાક્ષસોના સૈન્યથી પીડાતી પૃથ્વીના દુઃખ નો નાશ કરવા જેમનો માર્ગ જાણી શકાય એ મનથી એવા શ્વેત અને કૃષ્ણ કેશ વાળા ભગવાન (શ્રીકૃષ્ણ) પ્રકટ થઈ આત્માના મહિમાને દૃઢ કરનારાં કર્મો કરશે.

લીલાનું નિરૂપણ કરતાં ઉપર કહેલાનું કારણ પણ વિમર્શમાં આવતું હોવાથી કહે છે કે એ બાલસ્વરૂપે પૂતનાના પ્રાણનું હરણ કરશે, શકટ ઊંધુ પાડી એમાંના અસુરને મારશે, ભાંખડિયે ચાલતાં બે અર્જુન વૃક્ષો મૂળમાંથી ઉખેડી નાખશે અને એ સૌનો ઉદ્ધાર કરશે. આવી લીલા બીજી રીતે વિચારી શકાય એવી નથી.

હાસ્યનું નિરૂપણ કરતાં કહે છે કે વ્રજમાં વિષવાળું જલ પીધેલાં વ્રજના પશુઓને અને બાળકોને કૃપાવાળી દૃષ્ટિની વૃષ્ટિથી સજીવન કરશે અને યમુનામાં વિહાર કરતાં એની

શુદ્ધિ માટે ઘણા વિષરૂપ વીર્યથી લબકારો મારતી જીભવાળા સર્પને કાઢી મૂકશે.

દૃષ્ટિનું નિરૂપણ કરતાં કહે છે કે રાતમાં સૂતેલાને અને પવિત્ર વન દાવાગ્નિથી બળતુ હતું ત્યારે પોતાના અંતકાલનો જેણે નિશ્ચય કરેલો છે તેવા વ્રજને બલભદ્ર સાથે દુર્જ્ઞેય પરાક્રમવાળા શ્રી કૃષ્ણ દાવાનલમાંથી તેમનો ઉદ્ધાર કરશે. ઉલ્લાસપણાનું નિરૂપણ કરતાં કહે છે કે જસોદામાતા તેમને બાંધવા માટે જે દોરડું લેશે તે તેમને પૂરું થશે નહીં. એવા એ ભગવાન બગાસું ખાશે ત્યારે તેમના મુખમાં ચૌદે લોક જોઈ શંકિત બનેલાં જસોદામાતાને જ્ઞાન આપશે.

ભ્રૂકુટિનું નિરૂપણ કરતાં કહે છે કે નંદને ભયમાંથી અને વરુણના બંધનમાંથી અને મયના પુત્ર વ્યોમાસુરે ગુફાઓમાં પૂરેલા ગોપોને મુક્ત કરશે પોતાના ગોકુલની સમીપ જ વ્યાપી વૈકુંઠ લાવશે, જે અલૌકિક ચરિત્ર જ છે.

ભંગનું નિરૂપણ કરતાં કહે છે ભગવાનના કહેવાથી ઈન્દ્રનો યજ્ઞ બંધ કરાશે એટલે ઇંદ્રે ચારે તરફ મુસળધાર વરસાદ વરસાવશે. તે સમયે, હે પવિત્ર નારદ ! સાત જ વર્ષના ભગવાન શ્રીકૃષ્ણ પશુઓ આદિ સર્વનું રક્ષણ કરવા માટે સાત દિવસ સુધી છત્રની જેમ એક હાથ ઉપર ગોવર્ધનને ધારણ કરશે.

સૂચવવાના નિરોધનું સારી રીતે કરેલ સૂચનનું નિરૂપણ કરતાં કહે છે કે ચંદ્રના કિરણોથી ઉજ્જ્વલ રાત્રિમાં વનમાં ક્રીડા કરતા અને રાસ રમવા તત્પર શ્રીકૃષ્ણ મધુર પદો-વાળા અને આલાપવાળા સંગીતથી પ્રદીપ્ત એવી કામપીડાવાળી વ્રજાંગનાઓનું હરણ કરનાર કુબેરના ભાઈ શંકચૂડનું માથું ભાંગી નાખશે. આ પછી ઘણાપણાની સ્થિતિનું નિરૂપણ કરતાં કહે છે કે પ્રલંબ, ગર્દભ, બક, કેશી, અરિષ્ટ, ચાણૂર વગેરે મલ્લ, કુવલયપીડ હાથી, કંસ, કાલયવન, નરકાસુર, પૌંડ્રક વગેરે અને બીજા શાલ્વ, દ્વિવિદ, બલ્વલ, દંતવક્ત્ર સાત બલીવર્દો, શંબર, વિદૂરથ અને જેઓમાં રુક્મી મુખ્ય હશે એવા બીજા ઘણા સામ્રાજ્યમાં યુદ્ધકુશલ એવા કાંબોજ, મત્સ્ય, કુરુ, કેકય, સૃંજય વગેરે રાજાઓને બાળદેવ ભીમસેન અર્જુન વગેરેને નિમિત્ત બનાવી ભગવાન શ્રીહરિ એમના સ્થાને પહોંચાડશે.

(૨) એ પછી ચિંતામય એવા વ્યાસનું નિરૂપણ કરતાં કહે છે કે મનુષ્યોની બુદ્ધિ કાળે કરીને સંકુચિત થશે અને આયુષ પણ અલ્પ બની રહેશે, જેનાથી મનુષ્યોને વેદો તો દુર્ગમ બની રહેશે એટલે વિચાર કરીને દરેક યુગમાં સત્યવતીમાં આવિર્ભાવ પામી અવતાર-વાળા વ્યાસ ભગવાન વેદરૂપી વૃક્ષનો શાખાઓમાં વિભાગ કરશે.

(૨૩) દેવોનો દ્વેષ કરનારા, લોકોને મોહ પમાડવા 'અમે જ વેદની પ્રવૃત્તિ કરાવનાર છીએ' એમ જણાવતા, પણ સામાન્ય રીતે વેદથી વિમુખ બનાવતા બુદ્ધ ભગવાન બુદ્ધિનો મોહ કરશે અને પાખંડમાર્ગ પ્રવર્તાવશે.

(૨૪) જ્યારે સત્પુરુષોનાં ગૃહોમાં પણ હરિની કથાઓ નહીં થાય, દ્વિજો પાખંડી

બની રહેશે, મ્લેચ્છો રાજા થશે, સ્વાહા સ્વધા અને વષટ્ એવી વાણી નહીં હોય ત્યારે કલિયુગના અંતસમયે ભગવાન કલ્કિના સ્વરૂપે પ્રકટશે અને સર્વત્ર ભગવદ્ધર્મો પ્રકટાવશે.

આ રીતે સર્વાન્તર્યામી સ્વરૂપનો ઉત્પત્તિથી વિચાર કરી જ્યા સુધી મન ધારણામાં સ્થિર રહે (૨.૨.૧૨) એ અંશનો વિચાર કરતાં પછી ભગવાનનું માહાત્મ્ય કહે છે.

સૃષ્ટિની ઉત્પત્તિને માટે હું બ્રહ્મા,જે પ્રજેશો છે તે મરીચ્યાદિ નવ ઋષિઓ અને ધર્મ, યજ્ઞ, મનુ, મન્વન્તરના દેવો અને રાજાઓ, સંહારકો, અધર્મીઓ, હર, ક્રોધને વશ રહેનારા અને અસુરો વગેરે ઘણી શક્તિવાળા ભગવાનની આ માયાની વિભૂતિઓ જ છે. આ જગતમાં પૃથ્વીના રજકણોની ગણતરી કરી હોય છતાં એવો કોઈ વિદ્વાન નથી જે એ વ્યાપક દેવના પરાક્રમોની ગણના કરી શકે. માયાપતિ એવા એ પુરુષની સીમાને હું અને તારા આ મોટા મુનિઓ એવા ભાઈઓ જાણતા નથી તો અન્ય તો કોણ જાણી શકે એમ છે ? એક હજાર મુખવાળા ભગવાન શેષનારાયણ પણ એમના ગુણ ગાયા કરે છે, પણ એમનો પાર પામી શક્યા નથી. કપટ વિના સર્વથા એ ભગવાનના અનુગ્રહ પ્રાપ્ત કરી શક્યા હોય અને અનંત ભગવાનનાં ચરણકમળનો દઢ આસરો કર્યો હોય એવા પુરુષો, હું અને મારું-તારું એવા સંસારથી અલિપ્ત બની રહેલા પુરુષો જ એ ભગવાનની દુસ્તર માયા તરી જાય છે.

હે પ્રિય ! પરમ પુરુષ એ પરમાત્માની યોગમાયાને એમના અનુગ્રહના પ્રતાપે બુદ્ધિથી ધ્યાન કરનારા હું બ્રહ્મા, તમે, ભગવાન મહાદેવ, પ્રહ્લાદ, સ્વાયંભુવ મનુ, તેમનાં પત્ની શતરૂપા, તેમના પુત્રો પ્રિયવ્રત અને ઉત્તાનપાદ તથા તે મનુની પુત્રીઓ આકૂતિ, દેવહૂતિ અને પ્રસૂતિ, પ્રાચીનબર્હિષ, ઋભુ, અંગ અને ધ્રુવ, ઈક્ષ્વાકુ, ઐલ, મુચુકુંદ, વિદેહ, ગાધિ, રઘુ, અંબરીષ અને સગર, ગય, નહુષ વગેરે તથા માંધાતા, અલર્ક, શતધન્વા, અનુ, રંતિદેવ, દેવવ્રત, બલિ, અમૂર્તરય, દિલીપ, સૌભરિ, ઉત્તંક, શિબિ, દેવલ, પિપ્પલાદ, સારસ્વત, ઉદ્ધવ, પરાશર, ભૂરિષેણ અને બીજા વિભીષણ, હનુમાન , ઉપેન્દ્ર, દત્ત, પાર્થ, આર્ષ્ટિષેણ, વિદુર તથા ઉત્તમ શ્રુતદેવ આ શ્રેષ્ઠ પુરુષો પરમાત્માની યોગમાયાને જાણે છે અને તરી પણ જાય છે. તદુપરાંત સ્ત્રીઓ, શૂદ્રો, હૂણો, શબરો, યવનો, પાપી જીવો અને પશુઓ પણ અદ્‌ભુત લીલાધારી ભગવાનના ભક્તજનોના જેવું સદ્‌વર્તન આચરે, શીલવંત બની રહે અને તરી શકે તો પછી શ્રુતધારણાવાળા શ્રવણ કરનારાઓ ભગવાનની એ માયાને તરે એમાં તો કહેવું જ શું ? એ પરમ પુરુષનું ચરણાવિંદ તો નિત્ય, પ્રશાંત, અભય, જ્ઞાનરૂપ, શુદ્ધ, સમ, સત્ અસત્‌થી પર, આત્માના તત્ત્વરૂપ તથા ઉત્પાદ્ય, આપ્ય, વિકાર્ય અને સંસ્કાર્ય એ ચાર પ્રકારની ક્રિયાનું ફળ પણ જ્યાં પહોંચતું નથી એવું છે. મોહ પમાડતી માયાનું રૂપ તો એનાથી દૂર જ રહે છે. મેઘરૂપે શોભતો ઇંદ્ર અને યોગીઓ પણ બ્રહ્મ વિશે મન સ્થિર કરી ભેદને દૂર કરવાનાં સાધનોનો ત્યાગ કરે છે. એવા એ ભગવાન જ સર્વ કલ્યાણોના ફલપ્રદાતા છે. પૃથ્વી આદિ મહાભૂતોનો વિયોગ થતાં શરીર નાશ પામે છે છતાં

શરીરમાંનું આકાશ નાશ પામતું નથી તેમ શરીરમાં રહેલો આત્મા પણ નાશ પામતો નથી. હે પ્રિય નારદ ! આ કાર્યકારણાત્મક જગત શ્રીહરિથી ભિન્ન નથી, ભગવાન જ સર્વ છે, ભગવાનમાંથી જ સર્વ થયેલ છે. ઉપચાર - લક્ષણા - જણાવવા હરિથી બીજું નથી, બીજામાંથી થયેલ નથી.

શ્રીભગવાને કહેલું આ ભાગવત નામનું પુરાણ છે. એ વિભૂતિઓનો સંગ્રહ છે. તું આનો વિસ્તાર કર. સર્વાધાર શ્રીહરિમાં મનુષ્યોની ભક્તિ થાય એવી રીતે સંકલ્પ કરીને એનું વર્ણન કરજે. ભગવાનના સર્વ સામર્થ્યનું જ વર્ણન કરવાનું હોવાથી દશ પ્રકારની લીલાઓ ભગવાનની શક્તિ હોવાથી માયાનું વર્ણન કરનારના આત્માને મોહ થતો નથી. આ તો ઈશ્વરની જ માયા છે. વર્ણન કરનારની જેમ અનુમોદન કરનારને અંગે સારી રીતે શ્રવણ કરનારને પણ મોહ થતો નથી; જો કે મુખ્ય ફલ તો ભક્તિ છે, એ ભક્તિ પ્રાપ્ત થાય ત્યારે અંતઃકરણને માયાનો મોહ જરાય થતો નથી. ભક્તિરસને ગૌણ માની કેવળ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ ભાગવતનું વર્ણન કરશો નહીં. (હવે ૮ મો અધ્યાયઃ)

પરીક્ષિત રાજાએ કહ્યું : હે બ્રહ્મન્ ! હે શુકદેવજી ! નિર્ગુણ ભગવાનના ગુણો કહેવા બ્રહ્માએ પ્રેરણા કરી એટલે દેવતુલ્ય એવા નારદે પછી જેને જેને જે પ્રકારે તે તત્ત્વરૂપ ભાગવતકથા કહી હોય તે જાણવાની મને ઇચ્છા છે. ભગવાનની કથાઓ પુરાણોમાં પ્રસિદ્ધ છે, પણ એ અદ્‌ભુત વીર્યવાન ભગવાનનું ચરિત્ર સહેલાઈથી જણાય એવું નથી. એક પ્રકારે કરે અને બીજા પ્રકારે પરિણમે. સ્વરૂપથી અને પરિણામથી જુદા જુદા પ્રકારના હોવાથી ભગવાનના ગુણો વિભિન્ન રીતે જાણવા જોઈએ. ભગવાનની કથાઓ તો ઘણું મંગલ કરનારી છે. હે વેદજ્ઞોમાં શ્રેષ્ઠ ! બ્રાહ્મણોના શાપથી તેમ અનશન વ્રતથી મારું મન વ્યાકુળ થતું નથી. સર્વના આત્મા ભગવાન શ્રીકૃષ્ણમાં મારું સંગરહિત મન મૂકીને હું દેહનો ત્યાગ કરીશ . હે બ્રહ્મન્ ! આ આત્મા મહાભૂતોના સંબંધથી રહિત છે તો પછી એને પાંચ મહાભૂતોના સંબંધ દ્વારા જે દેહ પ્રાપ્ત થાય છે તે કોઈ કારણ વિના થાય છે કે કારણ વડે થાય છે ? જેમના નાભિકમળમાંથી ઉત્પન્ન થયેલા બ્રહ્મા જેમના અનુગ્રહથી પ્રાણીઓને સર્જે છે અને જેમના અનુગ્રહ વડે જ તે પરમાત્માના સ્વરૂપનો જેમણે સાક્ષાત્કાર કર્યો હતો એવા ભૂતોના આત્મા દરેકના આત્માથી જુદા જુદા મહાભૂતને રચે છે, એમનું સાચું સ્વરૂપ શું છે તે આપ મને કહો. કલ્પ અને વિકલ્પ કેટલા છે ? થઈ ગયેલ થવાનું અને વિદ્યમાન શબ્દો જેમાંથી થાય છે તે કાલનું માપ શી રીતે થાય ? કોનો આવિર્ભાવ થાય છે અને તે કેટલા સમય રહે છે ? કાલની અનુગતિ જે નાની અને મોટી પણ જણાય છે, હે દ્વિજોત્તમ ! કાલની એ અનુગતિ સમજાવો, કર્મની ગતિઓ જેટલી અને જેવી છે તે પણ કહો. કર્મોનું મિલન કોનામાં થાય છે ? (હવે ૯મો અધ્યાયઃ) અને કેવી રીતે કોનાથી તેનો સ્વીકાર થાય છે ? ભૂમિ, પાતાલ, આકાશ વગેરે અને એમાં રહેનારાઓની ઉત્પત્તિ કહો. બ્રહ્માંડના કોશનું, સત્પુરુષોનાં ચરિત્રો અને વર્ણો અને આશ્રમોનો આચારથી અને સ્વરૂપથી નિશ્ચય કહો. યુગોનું પ્રમાણ, યુગધર્મો, સામાન્ય અને ઉત્તમ ધર્મો કહો. તત્ત્વોની ગણના અને યોગશ્વરો વિશે, વેદો, ઉપનિષદો,

ધર્મશાસ્ત્રો, ઈતિહાસ, પુરાણોનાં લક્ષણ અને પરીમાણ કહો. આત્માના બંધ અને મોક્ષ તથા સ્વરૂપથી વ્યવસ્થાન સમજાવો. હે મહામુનિ ! શરણાગતને આ બધું કહેવા આપ જ સમર્થ છો.

સૂત કહે છે કે વિષ્ણુરાત એવા પરીક્ષિતે પ્રાર્થનાપૂર્વક ભગવાનની કથા અને લીલા માટે જે પ્રશ્નો કર્યા એનાથી બ્રહ્મરાત એવા શુકદેવજી પ્રસન્ન થયા અને યુક્તિપૂર્વક ભાગવત કહેવાનું વિચારી પ્રથમ પૂછેલા પ્રશ્નોના અનુક્રમે ઉત્તર આપવાનો આરંભ કર્યો. શ્રી શુકદેવજી બોલ્યા : હે રાજન્ ! અનુભવસ્વરૂપે અને દેહાદિથી ભિન્ન આત્માને પોતાની માયા વિના સ્વપ્ન જોનારની જેમ દેહનો સંપૂર્ણ રીતે સંબંધ ઘટતો નથી, ઘણા પ્રકારના જેવો જણાય છે. આવા ગુણોમાં રમણ કરતો 'હું, મારું' એમ માને છે. આત્મા જ્યારે કાલ અને એના ચિદ્ અંશની શક્તિ એવી મોહ કરનારી માયાથી પર એવા પોતાના મહિમા વિશે જ સંમોહ વિનાનો થઈ રમણ કરે ત્યારે હું અને મારું એ બન્નેનો ત્યાગ કરી ઉદાસીન થાય છે. તેનામાં આસક્તિ કરતો નથી ત્યારે મોક્ષ પામે છે. આ આત્મતત્ત્વની વિશુદ્ધિ માટે જ ભગવાને બ્રહ્માને પોતાનું સ્વરૂપ દર્શાવતાં જે સત્ય કહ્યું તે સાંભળો. જગતના પરમગુરુ એવા બ્રહ્માએ પોતાના કમલાસન પર બેસી બ્રહ્માંડ રચવાની ઈચ્છાથી જોયું ત્યારે એને અનુરૂપ યથાર્થ જ્ઞાન એમને પ્રાપ્ત ન થયું. તેઓ ચિંતન કરતા હતા તે સમયે બે અક્ષરોવાળું તપ એવું વચન બે વખત બોલાયેલું સાંભળ્યું. હે રાજન્ ! બોલનારને શોધવા બ્રહ્માએ દિશામાં જોયું, પણ અન્ય કશું જ દેખાયું નહીં. એ પછી તપનો આદેશ હિતકારી છે એમ માની પ્રાણ વાયુ અને અંતઃકરણ તથા બન્ને પ્રકારની ઇંદ્રિયોના વિજેતા એવા બ્રહ્માએ પછી સાવધાન બની રહી સર્વ લોકને તપાસનારું દિવ્ય એવું એક હજાર વર્ષ સુધી તપ કર્યું. આ પ્રમાણે તપ કરવાથી પ્રસન્ન થયેલા ભગવાને બ્રહ્માને વ્યાપિ વૈકુંઠનાં દર્શન કરાવ્યાં. એ પછી દેવો અને અસુરોથી પણ પૂજાયેલા ભગવાનના સમાન રૂપવાળા દેખાતા, આભરણોવાળા, પ્રવાલ વૈડૂર્ય અને કમલ જેવી કાન્તિવાળા નિર્દોષ સેવકો અને એમના ભોગનો પરિચય સધાવ્યો અને પછી લક્ષ્મી આદિ પોતાની શક્તિઓ સાથેના મહાભોગવાળા સ્વયં પોતે બ્રહ્મા સમક્ષ પ્રકટ થયા. વૈષ્ણવોના પતિ, લક્ષ્મીના પતિ, યજ્ઞના પતિ, જગતના પતિ, સુનંદનંદ પ્રબલ અર્હણ વગેરેથી સેવાતા, ભક્તો ઉપર કૃપા કરવા તત્પર, પ્રસન્ન હાસ્યવાળા, અરુણસુંદર લોચનવાળા, મુકુટધારી, કુંડલોધારી, ચાર ભુજાવાળા, પીતાંબર પહેરેલા, ઉત્તમ આસન પર બિરાજેલા, પચીસ તત્ત્વોવાળા અને ઐશ્વર્ય આદિ પોતાના છ ભગોવાળા એ ભગવાનના દર્શનથી આનંદથી ભર્યા ભર્યા હૃદયવાળા બ્રહ્માએ એમના ચરણમાં નમન કર્યું અને ભાવસભર બની રહેતાં તેઓ કંઇ પણ કહેવા અસમર્થ બની રહેવાથી ભગવાને પોતે એમને કહ્યું કે હે વેદગર્ભ ! સૃષ્ટિ રચવાની ઈચ્છાથી સુદીર્ઘ સમય પર્યંત કરેલા તપથી હું પ્રસન્ન થઈ રહ્યો છું. તપ કરવાનો આદેશ મેં જ આપ્યો હતો. તપ એ મારું હૃદય છે, હું તપનો આત્મા છું. તપ દ્વારા જ હું બ્રહ્માંડનું સર્જન કરું છું અને એનો તિરોભાવ પણ કરું છું, તો હે બ્રહ્મન્ ! વરેશ એવા મારી પાસે ઇચ્છિત વર માગ. વિનમ્ર બની રહેલા બ્રહ્માએ માગ્યું : હે નાથ ! માગનારને માગેલું આપો : આપના મૂલ સ્વરૂપનું મને જ્ઞાન થાય, આપથી પ્રેરિત કાર્ય મારાથી થાય, કોઈ પણ પ્રકારના ખોટા મદને છોડીને સૃષ્ટિ રચવાની આપની આજ્ઞા હું પાળ્યા કરું એટલું જ હું માગું છું : મારી બુદ્ધિમાં કદી પણ અભિમાનનો અંશ પણ પ્રવેશ ન પામે. ભગવાને કહ્યું : તથાસ્તુ. હું જેટલો જેવા ભાવવાળો જેવાં રૂપ ગુણ અને કર્મવાળો છું તેવું જ તત્ત્વનું વિજ્ઞાન મારી કૃપાથી તને પ્રાપ્ત થાઓ. મારું વાસ્તવિક રૂપ તને સ્ફુરો. ભગવાન પોતાનું સાચું રૂપ ચાર શ્લોકમાં સમજાવે છે. એ ચતુઃશ્લોકી તો શ્રીમદ્‌ભાગવતનાં વેદાન્ત સિદ્ધાન્તના સારરૂપ શ્લોકો છે. ભગવાન કહે છે :

अहमेवासमेवाग्र नान्यद्यत् सदसत्परम् ।
पश्चादहं यदेतच्च योऽवशिष्येत सोऽस्म्यहम् ॥३२॥

અર્થાત્ - હું જ પૂર્વે હતો જ. સત્ - અસત્ અથવા પર ન હતું. પછીથી આ જે કાંઈ છે તે હું છું. પ્રલય પછી જે કાંઈ બાકી રહે છે તે હું છું.

ऋतेऽर्थं यत् प्रतीयेत न प्रतियेत चात्मनि ।
तं विद्यादात्मनो मायां यथाऽऽभासो यथा तमः ॥३३॥

મુખ્ય પદાર્થ સિવાય આત્માને વિશે આ જે કાંઈ દેખાય છે, વસ્તુસ્થિતિએ એ બ્રહ્મરૂપ જ હોવા છતાં તેમાંથી જુદું એવું જગત અને જીવપણું અને જે ખરું એટલે કે પરમાત્મતત્ત્વ નથી દેખાતું તેને આત્માની માયા જાણવી. જેમ અંધકાર વસ્તુસ્થિતિએ અંધકાર એટલે તેજનો અભાવ હોવા છતાં મિથ્યા ~..થી તેનું 'અંધકાર' એવું નામ આપવામાં આવ્યું છે. જે વસ્તુ સ્વરૂપમાં જુદા પ્રકારની જણાય છે તે જીવોને વ્યામોહ કરનારી એવી જે માયા કહી છે તેનું કાર્ય છે. એ માયા જીવને વ્યામોહ કરાવીને તેના સંબંધવાળાં અંતઃકરણ બુદ્ધિ વગેરેને પણ વ્યામોહ કરાવે છે :

यथा महान्ति भूतानि भूतेषूच्चावचेष्वनु ।
प्रविष्टान्यप्रविष्टानि तथा तेषु न तेष्वहम् ॥३४॥

જેવી રીતે પંચ મહાભૂતો ઉચ્ચ અને અવચ એવાં ભૂતોમાં સર્જ્યા પછી પેઠેલાં દેખાય છે, વસ્તુસ્થિતિએ પાછળથી પ્રવેશેલાં નથી, પણ તદ્રૂપ જ ભૂતો છે તે જ પ્રમાણે હું તે મહાભૂતોમાં અને ભૂતોને સર્જીને પછીથી પ્રવેશેલો ભાસું છું. વસ્તુસ્થિતિએ તેઓમાં પાછળથી પ્રવેશેલો નથી, પણ તે બધામાં સમન્વિત જ છું.

આ ત્રણ શ્લોકમાંના ૩૨મા શ્લોકમાં જગદાદિને મિથ્યા કહેવાનો ભાગવતકારનો લેશ પણ આશય નથી એ સ્પષ્ટ થતું હોઈ सर्वं खलिदं ब्रह्म तज्जलान् એ બૃહદારણ્યક ઉપનિષદના વાક્ય મુજબ આ બધું જ અખંડ અદ્વૈત એક જ બ્રહ્મ છે તે સિદ્ધાંતની સ્પષ્ટતા છે. ૩૩મા શ્લોકમાં જગત જીવ એ માયાકાર્ય છે એટલે તે નથી જ એમ કહેવાનો આશય

નથી. પાછલા શ્લોકમાં કહ્યા પ્રમાણે બધું જ પરમાત્મમય છે, એટલે આ આપણી નજરે પરમાત્મા તત્ત્વ નથી અલગ એવી જે જગત અને જીવપણ પ્રતીત થાય છે તે પ્રતીતિ માત્ર માયિક અર્થાત્ મિથ્યા છે, તે પદાર્થ તો બ્રહ્મરૂપ જ છે. ૩૪ મા શ્લોકમાં સ્પષ્ટ દર્શાવાયું છે કે મહાભૂતો પદાર્થોમાં ઓતપ્રોત છે, તે જ રીતે ભગવાન બધા-જ-માં ઉપાદાન કારણરૂપે અખંડ જ ઓતપ્રોત છે. બધું જ પરમાત્મરૂપ છે. આ જ પરમ અર્થ છે, પાછળથી પ્રવિષ્ટ નથી. તત્ત્વજિજ્ઞાસુએ આત્મા સંબંધી એટલું જ જાણવું પૂરતું છે કે જે અન્વય અને વ્યતિરેકથી સર્વત્ર અને સર્વદા હોઈ શકે એને જ જાણવાથી બધું જણાય તે આત્મા. ૩૫ મા શ્લોકમાં આ રીતે કહી પ્રબોધ્યું છે કે જ્ઞાન પ્રમેય છે, વૈરાગ્ય પ્રમાણ છે અને દશ પ્રકારની ભક્તિ વિષય છે. આત્માનું તો આટલું જ ઉપયોગી છે, બીજું તો દેહ વગેરે માટેનું છે. સર્વત્ર જે સર્વ હોઈ, સર્વથી વધી તે બ્રહ્મ જ છે એવું સિદ્ધ કરી ભગવાન પછી બ્રહ્માને કહે છે કે ઘણી સમાધિથી આ મારા મતને માન્ય કર. કલ્પ અને વિકલ્પમાં કોઈ પણ સમયે તને મોહ થશે નહીં.

એ પછી ઈન્દ્રિયોના લાભરૂપ શ્રીહરિ અંતર્હિત થયા ત્યારે સર્વ ભૂતોથી સભર એવા બ્રહ્માએ નિરભિમાન બની રહી પહેલાંની પેઠે જ વિશ્વ રચ્યું. અર્થાત્ ભગવાનની આજ્ઞાથી જેટલું પ્રકટ થયું તે સર્વ બ્રહ્મામાં પ્રવેશ્યું ત્યાર પછી વિશ્વ રચ્યું.

એ પછી ભગવાને બ્રહ્માને કહેલા સારરૂપ ચતુઃશ્લોકીથી કહેલું ભાગવતના ઉપદેશવાળું, પોતાની સેવામાં રહેલા પુત્ર નારદને દશ લક્ષણોવાળું ભાગવત પુરાણ કહ્યું, સરસ્વતીના કિનારે પરબ્રહ્મનું ધ્યાન કરનાર અપાર તેજવાળા મુનિ વ્યાસને નારદે ભાગવત કહ્યું અને મારા પિતા એવા વ્યાસ પાસેથી એ ભાગવત હું ભણ્યો છું. આ પરંપરા કહીને પછી શુકદેવજીએ પરીક્ષિતને કહ્યું કે હે નૃપ ! તમે મને પ્રશ્ન કર્યો હતો કે વિરાટ પુરુષથી આ જગત કેવી રીતે ઉત્પન્ન થયું અને બીજા પણ પ્રશ્નો તમે પૂછ્યા હતા તે સર્વનો ઉત્તર હવે હું તમને બરાબર કહું છું તે સાંભળો. (હવે ૧૦ મો અધ્યાયઃ)

શ્રીમદ્ભાગવતનું પ્રયોજન આનંદરૂપ શ્રીહરિની લીલા જ દર્શાવવાનું હોવા છતાં પણ તત્ત્વદર્શનમાંયે અન્ય પુરાણો કરતાં તેનું મહત્ત્વ વધારે છે. સાંખ્ય યોગ અને શુદ્ધ અદ્વૈતવાદનું વિસ્તૃત અને અણીશુદ્ધ સ્વરૂપ શ્રીમદ્ભાગવતમાં પ્રાપ્ત થાય છે. અન્ય પુરાણો કરતાં શ્રીમદ્ભાગવતમાં કેટલીક વિશિષ્ટતાઓ પણ છે. એમાં અતિ મહત્ત્વની એક વિશિષ્ટતા એ છે કે અન્ય પુરાણોમાં પાંચ લક્ષણો મળે છે, જ્યારે શ્રીમદ્ભાગવતમાં દશ લક્ષણોનું વિવરણ કરવામાં આવ્યું છે અને એ કારણે જ ભાગવતને 'મહાપુરાણ' કહેવામાં આવે છે. લક્ષણ એટલે વર્ણ્યમાન વિષય. ભાગવતમાં બે સ્થળે દશ લક્ષણોનું વર્ણન મળે છે. આ દ્વિતીય સ્કન્ધના દશમા અધ્યાયમાં અને દ્વાદશ સ્કંધના સાતમા અધ્યાયમાં બન્ને સ્થળના લક્ષણોમાં કેટલાક શબ્દો સરખા છે અને કેટલાક જુદા છે. જુદા પડતા શબ્દો અર્થની દૃષ્ટિએ લગભગ સરખા છે. દ્વાદશ સ્કન્ધમાંનાં દશ લક્ષણોની વ્યાખ્યા ઉપર સાંખ્યદર્શનની અસર

વધુ છે, દ્વાદશસ્કન્ધોક્ત વ્યાખ્યાઓ વેદાન્તપરક છે. દ્વાદશ સ્કન્ધમાં મળતાં લક્ષણો ભાગવતની કથા પૂરી થયા પછી વેદની શાખાઓ અને પુરાણની પરંપરા દર્શાવવાના પ્રસંગે પરીક્ષિતને મુક્તિ મળ્યા પછી આપવામાં અવ્યાં છે, જયારે આ દ્વિતીય સ્કન્ધોક્ત દશ લક્ષણો ભાગવતની કથા પરીક્ષિતને સંભળાવવાનું શરૂ થાય છે ત્યારે આપવામાં આવ્યાં છે, એટલે ભાગવત સાથે એઓનો સાક્ષાત સંબંધ હોવાથી એને ગણાવતાં अत्र અર્થાત્ આ ભાગવતમાં એવો શબ્દ પ્રયોગ થયો હોવાથી તે લક્ષણો અંતરંગ માનવામાં આવ્યાં છે. શકદેવજી કહે છે કે

अत्र सर्गो विसर्गश्च स्थानं पोषणमूतयः ।
मन्वन्तरेशानुकथा निरोधो मुक्तिराश्रयः ॥१॥

આ ભાગવતમાં (૧) સર્ગ, (૨) વિસર્ગ, (૩) સ્થાન, (૪) પોષણ, (૫) ઊતિ, (૬) મન્વન્તરો, (૭) ઈશાનુકથા, (૮) નિરોધ, (૯) મુક્તિ અને (૧૦) આશ્રય આ દશ પદાર્થોનું વર્ણન કરવામાં આવ્યું છે. આ દશનો અર્થ સ્કંધમાં વિસ્તારથી કહેવામાં આવશે અહીં ટૂંકામાં જોઈએ :

(૧) સર્ગ - શરીર વિનાના વિષ્ણુ શરીર સ્વીકારે તે સર્ગ. દરેક પદાર્થમાં કારણ તરીકે ભગવાનની સ્થિતિ તે તેનો સર્ગ. ભગવાનનો હીન ન હોવાપણાનો ગુણ સર્ગ છે. સુખ થાય તે પ્રકારે વસ્તુના સ્વરૂપથી પ્રકટ થવું તે દીન ન હોવાપણું. શરીર વિનાના વિષ્ણુ પોતાની ક્રીડા માટે અનિત્ય અવ્યાપક સ્વરૂપ ગ્રહણ કરે તે વસ્તુરૂપથી પ્રકટ થવાની શક્તિ દીનપણાનો અભાવ જણાવનાર છે. દરેક પ્રકારમાં અવ્યક્ત સદ્રૂપથી ભગવાનની સ્થિતિ તે સર્ગ. બ્રહ્મમાંથી મહાભૂતો, તન્માત્રાઓ, ઈન્દ્રિયો અને બુદ્ધિનો ગુણોના વિષમપણાથી થતો જન્મ એ સર્ગ છે. આ ત્રીજા સ્કન્ધનો વિષય છે.

(૨) વિસર્ગ - અનાયાસે કર્મ કરવામાં આવે તે વિસર્ગ. પુરુષમાંથી બ્રહ્મની ઉત્પત્તિ થતી હોવાનું સ્પષ્ટ છે. આ જીવોનું દેહનો સંબંધ કરવા રૂપ કાર્ય છે. આમ હોવાથી પ્રત્યેક પદાર્થમાં કાર્યરૂપથી પહેલાં રહેવાપણું તે અમુક સર્ગરૂપ હોઈ વિસર્ગ છે. જડ દેહ અને ચેતન જીવનો સમાગમ તે વિસર્ગ. ચરાચર પ્રાણીઓનો સમૂહ એ જ વિસર્ગ. આ ચોથા સ્કન્ધનો વિષય છે.

(૩) સ્થાન - ઉત્પન્ન થયેલાનું તેમની તેમની મર્યાદાથી પાલન થાય તે સ્થાન એટલે કે સર્વ વસ્તુઓમાં વસ્તુના સ્વરૂપથી અને મૂલ રૂપથી જુદી જુદી મર્યાદાના સ્વરૂપથી ભગવાન રહેલા હોય તે સ્થાન. અહીં ભગવાનનાં સર્વ કારણોના કારણરૂપ ઉત્કર્ષ ક્રિયામાં થાય તે પાલન કરવાની ક્રિયા મર્યાદાની સ્થિતિ યા સ્થાન કહેવાય છે એવો અર્થ છે. આ સ્થાન યા સ્થિતિ લીલાનું પાંચમા સ્કન્ધનાં વર્ણન છે.

(૪) પોષણ - સ્થાનમાં રહેલાની સર્વ તરફથી વૃદ્ધિ થાય તે પોષણ. પોષણ ઈક્ષણરૂપ છે. દરેક પદાર્થ કાર્યમાં ઉપયોગી થાય તે માટે સર્વસમર્થ ભગવાન અવયવ-રૂપથી

તેમાં પ્રવેશ કરે તે પુષ્ટિ યા પોષણ. ભગવાનની અહૈતુકી તથા સર્વતોમુખી દયા અથવા ભક્તો ઉપરનો ભગવાનનો અનુગ્રહ, આ પોષણ લીલાનું છઠ્ઠા સ્કંધમાં વિશદ વર્ણન છે.

(૫) ઊતિ - કર્મની વાસનાઓ એ ઊતિઓ છે. એનું વર્ણન સાતમા સ્કંધમાં છે. ભગવાનની અહૈતુકી કૃપાની વૃષ્ટિ પ્રતિક્ષણ થયા કરે છે છતાં જીવનું દુઃખી થવાનું કારણ આ ઊતિઓ છે. વાસના શુભ અને અશુભ એમ બે પ્રકારની છે. ભગવદીયોના સત્સંગથી શુભ વાસના થાય છે. શુભ વાસનાનું દૃષ્ટાંત પ્રહ્લાદજી છે. દાનવકુળમાં જન્મ થયો હોવા છતાં નારદજીના સત્સંગથી એમની પ્રવૃત્તિ સ્વતઃ ભગવાન પ્રત્યે પ્રસૂત થઈ અને તેઓ કૃતકૃત્ય બની રહ્યા. આનાથી વિપરીત વૈકુંઠના દ્વારપાલો હોવા છતાં જય-વિજયને સનકાદિકો પ્રત્યેની અવગણનાને કારણે સ્થાનભ્રષ્ટ થવું પડ્યું. સદ્‌ગુણ અને સદાચાર દ્વારા વાસનાઓ -ઊતિઓને જીતીને યા એને શુભ બનાવીને જીવન વ્યતીત કરવાથી અંતે ભગવત્કૃપાને પાત્ર બની શકાય છે.

(૬) મન્વંતર - અર્થાત્ મન્વન્તરના સ્વામીઓનું પ્રવર્તવું તે. આઠમા સ્કંધમાં મન્વન્તર-કથાઓનું વિશદ વર્ણન છે. ભગવાનના અનુગ્રહને પ્રાપ્ત કરનાર મન્વન્તરોના સ્વામીઓરૂપી સત્પુરુષો, તેમનો જે ધર્મ તેનું નામ મન્વંતર. ધર્મને પ્રાધાન્ય આપતી આ વ્યાખ્યાની સાથે કાલગણનાની વ્યવસ્થાને પ્રાધાન્ય આપતી મન્વન્તરની વ્યાખ્યા પણ થઈ છે. મનુષ્ય-વર્ષોના હિસાબે ૪૩,૨૦,૦૦૦ તેતાળીસ લાખ વીસ હજાર વર્ષોની એક ચતુર્યુગી થાય. આવી ચતુર્યુગીનો એક મન્વન્તર થાય. ૧૪ મન્વન્તરનો એક કલ્પ થાય છે અને એ કલ્પ બ્રહ્માનો એક દિવસ છે. બ્રહ્માના એક દિવસમાં ચૌદ મનુ બદલાય છે. આ શ્વેતવારાહ કલ્પમાં સ્વાયંભુવ, સ્વરોચિષ, ઉત્તમ, તામસ, રૈવત અને ચાક્ષુષ નામના છ મનુઓ વ્યતીત થઈ ચૂક્યા છે, સાતમા વૈવસ્વત મનુ વર્તમાન છે. પ્રત્યેક મનુના સમયમાં વિશેષ વિશેષ દેવતા, એમના પુત્રો, ઇન્દ્ર, સપ્તર્ષિ અને ભગવાનનો અંશાવતાર થાય છે. આ વૈવસ્વત મન્વન્તરમાં ભગવાનનો વામનાવતાર મન્વન્તરાવતાર છે. કશ્યપ, અત્રિ, વશિષ્ઠ, વિશ્વામિત્ર, ગૌતમ, જમદગ્નિ અને ભરદ્વાજ સપ્તર્ષિ છે. આદિત્ય, વસુ, રુદ્ર, વિશ્વદેવ, મરુદ્‌ગણ, અશ્વિનીકુમાર અને ઋભુગણ દેવતા છે. પુરન્દર નામનો ઇન્દ્ર છે. વૈવસ્વત મનુના ઇક્ષ્વાકુ, નૃગ, શર્યાતિ, દિષ્ટ, ધૃષ્ટ, કરૂષ, નરિષ્યત્, પૃષધ્ન, નભગ અને કવિ નામના દસ પુત્રો છે. હવે પછી થનારા સાત મનુનાં નામ સાવર્ણિ, દક્ષસાવર્ણિ, બ્રહ્મ-સાવર્ણિ, ધર્મસાવર્ણિ, રુદ્રસાવર્ણિ, દેવસાવર્ણિ અને ઇન્દ્રસાવર્ણિ છે. પ્રત્યેક મનુ પોતાના શાસનકાલમાં સદ્ધર્મનું રક્ષણ કરે છે. એમના પુત્રાદિ સ્થળે સ્થળે ગુપ્ત રીતે રહીને ધાર્મિક પ્રજાનું રક્ષણ કરે છે, અધિકારી પુરુષો સમક્ષ પ્રગટ થાય છે તેમ ઉદ્ધારનું સાધન પણ દર્શાવે છે. આથી જ શ્રીમદ્‌ભાગવતમાં મન્વન્તરની વ્યાખ્યા 'સદ્ધર્મ' શબ્દથી કરવામાં આવે છે.

(૭) ઈશાનુકથા - ભગવાનનાં અને ભક્તોનાં ચરિત્રોની કથા એ ઈશાનુકથા. નવમા સ્કન્ધમાં એવી કથાઓ વધુ આવે છે. એક મન્વંતર પછી બીજો મન્વંતર તથા એક

કલ્પ પછી બીજો કલ્પ આ રીતે સૃષ્ટિની પરંપરા ચાલતી જ રહે છે. સૃષ્ટિ પછી પ્રલય અને પ્રલય પછી સૃષ્ટિ એવો ક્રમ અનાદિકાલથી ચાલ્યા કરે છે અને પ્રવાહરૂપે નિત્ય છે. જીવોએ ભગવાનનો આશ્રય લઈને આ પ્રવાહપરંપરાથી છૂટવાનું છે. હિન્દુ ધર્મશાસ્ત્રોએ એ વાત એક સ્વરે સ્વીકારી છે કે જગતની રક્ષા કરવા માટે સ્વયં ભગવાન સમયે સમયે અવતાર ગ્રહણ કરે છે. શ્રીમદ્‌ભાગવતના પ્રથમ સ્કન્ધમાં કુન્તીની સ્તુતિમાં તેમ દશમ સ્કંધની ગર્ભ-સ્તુતિમાં ભગવાનના અવતારોનાં અનેક કારણો દર્શાવાયાં છે. ભાગવતમાં અનેક સ્થળે અવતારોની સૂચિ, એમનાં ચરિત્રો અને એમના મહિમાનું વર્ણન મળે જ છે. અંશાવતાર, ગુણાવતાર, વ્યૂહાવતાર, અર્ચાવતાર, આવેશાવતાર આદિ અવતારોના ભેદો બતાવ્યા છે. એમાં ભગવાન શ્રીકૃષ્ણ અવતાર નથી, પણ એ તો બધા અવતારોના અવતારી સાક્ષાત્ પૂર્ણપુરુષોત્તમ છે. ભગવદીયો એમનું સતત ચિંતન કરતા હોઈ, નારદભક્તિસૂત્રમાં તો કહેવાયું છે કે, ભગવાન અને ભગવાનના તન્મય ભક્તોમાં ભેદ નથી. ધ્રુવ પ્રહ્લાદ અંબરીષ આદિ એવા ભક્તજનોનાં ચરિત્રો ભાગવતમાં વર્ણવાયાં છે. જગત ભગવત્‌સ્વરૂપ જ છે, ભગવાનની શક્તિવિશેષનો પ્રકાશ છે. એમની ઇચ્છાશક્તિની લીલા છે. જગતની સુવ્યવસ્થાની આવશ્યકતા અનુસાર ભગવાનના વિવિધ પ્રકારના અવતારો થાય છે. ભગવાનના તથા તેમના નિત્ય પાર્ષદોના એવા અવતારોની કથા એ જ ઈશાનુકથા છે.

(૮) નિરોધ - પોતાની શક્તિઓ સાથે ભગવાનની સ્થિતિ એ નિરોધ. આખો દશમ સ્કંધ નિરોધલીલાથી પરિપૂર્ણ છે. ભગવાનના આનંદધામમાં પહોંચવા માટેની નિસરણી એ જ જાણે નિરોધ અને પ્રભુનાં ગુણગાન એના પગથિયાં છે. ગુણગાનથી પ્રભુના ધર્મનું સ્મરણ સિદ્ધ થાય છે અને એ ધર્મોના સામર્થ્યને લીધે ઇન્દ્રિયોનો વિનિયોગ પ્રભુનાં કાર્યોમાં શક્ય બની રહે છે. જેમણે માયા મમતા છોડી હતી અને અહર્નિશ જે પ્રભુના ગુણગાનમાં જ રત બની ગયાં એવાં શ્રીગોપીજનો શ્રીભગવાનની નિરોધલીલાનાં સાચાં અધિકારી છે. પ્રપંચના વિસ્મરણપૂર્વક ભગવાનમાં જ આસક્તિ એ નિરોધ છે. પ્રપંચનું વિસ્મરણ એ જ ભક્તોના પ્રપંચનો પ્રલય. નિરોધ એટલે પ્રલય એવી વ્યાખ્યાનો સાચો અર્થ આ જ છે. અહીં પ્રલય વિસ્મરણરૂપ છે. આ પ્રપંચનુ વિસ્મરણ એ ભગવાનમાં આસક્તિ થવા માટે અંગરૂપ છે.

(૯) મુક્તિ - અન્યથા રૂપનો ત્યાગ કરી પોતાના સ્વરૂપમાં સ્થિતિ થવી તે મુક્તિ છે. આ વિષયનું સ્વરૂપ એકાદશ સ્કંધમાં વિશદપણે દર્શાવાયું છે. ભાગવતમાં સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય, સારૂપ્ય અને સાયુજ્ય એમ મુક્તિના પાંચ પ્રકારો કહેવાયા છે. આમાં ભગવાનનાં નિત્ય ચિન્મય ધામમાં રહેવું એ સાલોક્ય મુક્તિ છે, ભગવાનની સમાન ઐશ્વર્ય પ્રાપ્ત કરવું એ સાર્ષ્ટિ મુક્તિ છે, ભગવાનની સમીપ રહેવું એ સામીપ્ય મુક્તિ છે, ભગવાન જેવું સમાન રૂપ પ્રાપ્ત કરવું એ સારૂપ્ય મુક્તિ છે અને ભગવાનમાં સમાઈ જવું એ સાયુજ્ય મુક્તિ છે, પરંતુ ભાગવતનું પરમ રહસ્ય તો એ છે કે પરમ નિરપેક્ષતા જ સર્વશ્રેષ્ઠ નિઃશ્રેયસ છે. મુક્તિની કામના પણ આવરણરૂપ છે. ભગવાનનો સાચો અને સર્વોત્તમ ભક્ત તો ઉક્ત

પાંચ પ્રકારની મુક્તિઓમાંથી એક પણ મુક્તિની ઇચ્છા ધરાવતો નથી, તે તો કેવળ ગોપીભાવે ભગવાનની સેવા જ ઇચ્છે છે. એવા ભક્તને ભગવાન સ્વયં મુક્તિ યા મોક્ષ આપે તોપણ તે તેનો સ્વીકાર કરતો નથી, મુક્તિથી પણ ઊંચો એવો ભગવાનનો પ્રેમ, ભગવાનની કૃપા યા ભગવાનો અનુગ્રહ જ તે તો ઇચ્છે છે.

(૧૦) શ્રીમદ્‌ભાગવતનો પ્રતિપાદ્ય વિષય આશ્રય તત્ત્વ જ હોવાથી શેષ નવ લક્ષણોનું પ્રતિપાદન એ આશ્રય તત્ત્વની ઉપલબ્ધિને માટે જ થયું છે. આશ્રય એટલે આ જગતનો આવિર્ભાવ તેમ તિરોભાવ જેમાંથી થાય છે એ પરમાત્મા. બારમા સ્કંધના પાંચ અધ્યાયોમાં આશ્રયનું સ્વરૂપ દર્શાવાયું છે. આશ્રય એટલે આશરો યા અવલંબન. સારા જગતનો આધાર પરમાત્મા હોઈ શ્રીમદ્‌ભાગવતમાં કહેવું છે કે "स आश्रयः परब्रह्म परमात्मेति शब्द्यते" (૭) પરબ્રહ્મ પરમાત્મા જ વાસ્તવિક આશ્રય છે. ભગવાનની સાથે શ્રીમદ્‌-ભાગવત ગ્રંથનો પ્રતિપાદક પ્રતિપાદ્ય ભાવસંબંધ છે. શ્રીમદ્‌ભાગવતના પ્રત્યેક પદના પ્રતિપાદ્ય પરબ્રહ્મ પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણ જ છે. શ્રીમદ્‌ભાગવતમાં સ્પષ્ટ ઘોષણા કરવામાં આવી છે કે एते चांशकलाः पुंसः कृष्णस्तु भगवान् स्वयम् (૧-૧-૨૮) અર્થાત્ અન્ય અવતારો અંશાવતાર અને કલાવતાર વગેરે છે, પરંતુ શ્રીકૃષ્ણ તો સ્વયં સાક્ષાત્ ભગવાન છે.

આ રીતે ગુણથી દશ પ્રકારથી જણાતું શ્રીહરિનું સ્વરૂપ દર્શાવીને પછી શુકદેવજી બીજું જીવનું સ્વરૂપ આધ્યાત્મિક ભેદથી અને ગુણથી પણ ત્રણ પ્રકારનું દર્શાવતાં કહે છે કે પુરુષ જ્યારે આરંભમાં બ્રહ્માંડને ભેદીને બહાર નીકળ્યા ત્યારે તેમણે પોતાનું રહેઠાણ શોધતાં પવિત્ર જલ રચ્યું. પોતે તે જલોમાં એક હજાર પરિવત્સર રહ્યા તેથી 'નારાયણ' નામ થયું. એ નારાયણ ભગવાનના અનુગ્રહથી દ્રવ્ય અર્થાત્ મહાભૂતો વગેરે અધિભૂત, કર્મ અર્થાત્ અદૃષ્ટ વગેરે અધ્યાત્મ, કાલ અર્થાત્ ગુણોની વિષમ અવસ્થાનું કારણ ખળભળાટ કરાવનાર સ્વભાવ અર્થાત્ સર્વનું કારણ થયેલ સર્વનું નિયમન કરનાર પરિણામના કારણરૂપ અને જીવ એટલે ભોગ કરનાર કાર્ય કરવા સમર્થ છે, પણ તેમની ઉપેક્ષાથી કંઈ કરી શકતા નથી. સર્વદા એકરૂપ તે ભગવાને 'હું અનેક રૂપવાળો થાઉં' એવી ઇચ્છા ધરી એથી પોતાની માયા શક્તિને કારણરૂપ દર્શાવી તેની માત્ર સન્નિધિથી જ પોતાનું સચ્ચિદાનંદરૂપ ભગવાને ત્રણ પ્રકારથી સર્જ્યું અર્થાત્ એના અધિદેવ, અધ્યાત્મ અને પછી અધિભૂત એવા ત્રણ પ્રકારે વિભાગ કર્યા. પુરુષે અર્થાત્ નારાયણે ક્રિયાશક્તિથી ચેષ્ટા કરતાં એ શરીરની અંદરના આકાશથી ઇન્દ્રિયોની મનની અને દેહની શક્તિ થઈ, પછી મહાન અસુ-પ્રાણ ઉત્પન્ન થયો એ સમષ્ટિગત મુખ્ય પ્રાણથી ભૂખ અને તરસ થયાં. જલપાનની તથા ભોજનની ઇચ્છા થતાં મુખ નીકળ્યું. એમાંથી તાળવું, એમાં જીભ અને પછી જુદા જુદા રસો ઉત્પન્ન થયા. જીભથી જ એનું જ્ઞાન થાય છે. બોલવાની ઇચ્છા કરી એટલે મુખમાંથી અગ્નિ અને વાણી થયાં. સૂંઘવાની ઇચ્છા થતાં બે નસકોરાં થયાં, તેમાં ગંધ વહેનારાં વાયુ અને નાક થયાં, જોવાની ઇચ્છા થઈ ત્યારે બે ચક્ષુ નીકળ્યાં, એમાં ગુણ ગ્રહણ કરાનાર જ્યોતિ અને ચક્ષુ છે. વેદો

સાંભળવાની ઇચ્છા થતાં બે કામ થયા. તેમાં દિશાઓ દેવ, શ્રોત્ર ઇન્દ્રિય અને તેથી ગ્રહણ કરાતો શબ્દ વિષય થયો. પછી વસ્તુની કોમળતા, કઠિનતા, લઘુપણું, ગુરુપણું, ઉષ્ણપણું, શીતપણું, ગ્રહણ કરવાની ઉચ્છાથી ત્વચા નીકળી તેમાં રુવાડાં ઉત્પન્ન થયાં અને એનો દેવ વાયુ પણ પ્રકટ થયો. એ પછી અનેક કાર્યો કરવાની ઇચ્છા થઈ એટલે બે હાથ ઊગ્યા, તેનો દેવ બલવાન ઇંદ્ર છે. ગતિ કરવાની ઇચ્છા થતાં બે ચરણો થયા, એના અધિષ્ઠાયક દેવ સ્વયં વિષ્ણુ થયા. ગતિ નામની કર્મ શક્તિ વડે મનુષ્ય હોમવાનાં દ્રવ્ય મેળવે છે એટલે એ શક્તિ એમાં ઇન્દ્રિય થઈ અને યજ્ઞ માટેનું દ્રવ્ય [illegible] વિષય થયો. પ્રજા, રતિસુખ તથા સ્વર્ગ વગેરેની ઇચ્છા થતાં એ નારાયણ પુરુષને લિંગ (પુરુષચિહ્ન) થયું. તેમાં ઉપસ્થ ઇન્દ્રિય, પ્રજાપતિ દેવ અને રતિસુખ વિષય થયો. અન્ન વગેરેના અસારભાગનો ત્યાગ કરવાની ઇચ્છા થતાં ગુદા સ્થાન થયું, એમાં પાયુ ઇન્દ્રિય અને મિત્ર નામે દેવ થયા તથા મલત્યાગ વિષય થયો. શરીરો ત્યજવાની ઇચ્છાથી નાભિદ્વાર થયું, તેમાં અપાન અને પછી મૃત્યુ થયાં. પછી એ વિરાટ પુરુષને અન્નપાન લેવાની ઇચ્છા થઈ એટલે કુક્ષિ આંતરડાં અને નાડીઓ ઉત્પન્ન થયાં. તેમના દેવ નદીઓ અને સમુદ્રો છે, તુષ્ટિ અને પુષ્ટિ તેમના વિષય છે. પોતાની માયાનો વિચાર કરવા હૃદય નીકળ્યું, તેમાંથી મન અને ચંદ્ર થયાં અને તેથી વળી સંકલ્પ અને ક્રિયારૂપ કામ થયા. આ પ્રમાણે સર્વ ત્રણ પ્રકારના હોવાનું જણાવીને ગોલકો આધિભૌતિક, જીવો આધ્યાત્મિક અને દેવતાઓ આધિદૈવિક હોવાથી બધાં ત્રણ પ્રકારનાં હોવાનું કહ્યું. ત્વચા, ચામડી, માંસ, લોહી, મેદ, મજ્જા અને અસ્થિ એ સાત ધાતુઓ પણ ભૂમિ, જલ અને તેજમય એમ ત્રણ પ્રકારની છે. પ્રાણ પણ આકાશ, જલ અને વાયુથી ત્રણ રૂપવાળો છે. ઇન્દ્રિયો ત્રણ ગુણોથી બનેલી છે. ગુણો ભૂતાદિમાંથી ઉત્પન્ન થયેલા છે. મન સર્વવિકારરૂપ છે અને બુદ્ધિ વિજ્ઞાનના સ્વરૂપવાળી છે. આ પ્રમાણે સર્વ ત્રણ પ્રકારનાં હોવાનું સિદ્ધ કરી પછી શુકદેવજીએ ઉપસંહાર કરતાં કહ્યું કે પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, મહત્તત્ત્વ, અહંકાર અને પ્રકૃતિ આ આઠ આવરણોથી વીંટળાયેલું ભગવાનનું આ સ્થૂલ સ્વરૂપ મેં કહ્યું અને હવે આ સ્થૂલ સ્વરૂપથી ઉત્તમ એવું બીજું અત્યંત સૂક્ષ્મ સ્વરૂપ પણ છે અને તે સ્થૂલ સ્વરૂપનું નિયમન કરનારું હોઈ અતીન્દ્રિય છે, અપ્રકટ છે, કોઈ પણ ગુણથી પ્રકટ થતું નથી, વિશેષણ રહિત છે. આદિ, મધ્ય અને અંત વિનાનું છે, નિત્ય છે, વાણી અને મનથી અતીત એવું એ સ્વરૂપ છે. બ્રહ્મરૂપ ધારણ કરનાર ધર્મસહિત છતાં કર્મરહિત નિયામક તે ભગવાન નામ અને રૂપ વિનાના પોતાની અંદર કહેવાનું અને કહેનાર તરીકે નામ અને રૂપ કરીને ક્રિયાઓ કરે છે, અર્થાત્ સર્વને ઉત્પન્ન કરવા ત્રણ ગુણોવાળું અને અવ્યક્ત રૂપ કરે છે. કોના માટે આ ભગવાન ત્રણ પ્રકારના થયા તે વિશે કહે છે કે પ્રજાપતિઓ, મનુઓ, દેવો, ઋષિઓ, પિતૃઓના જુદા સમૂહો, સિદ્ધો, ચારણો, ગંધર્વો, વિદ્યાધરો, સુરો, ગુહ્યકો સુધીના સાત્ત્વિકો, કિન્નરો, અપ્સરાઓ, નાગો, સર્પો અને કિંપુરુષો, માતૃઓ, રાક્ષસો અને પિશાચો, પ્રેતો, ભૂતો અને વિનાયકો સુધીના રાજસો અને કૂષ્માંડો, ઉન્માદો, વૈતાલો, યાતુધાનો, ગ્રહો, પક્ષીઓ, મૃગો, પશુઓ, પહાડો, સરીસૃપો સુધીના

તામસો અને બીજાં સ્થાવર જંગમ બે પ્રકારનાં તથા જરાયુજ, અંડજ, સ્વેદજ અને ઉદ્‌ભિજ્જ એમ ચારે પ્રકારનાં પ્રાણીઓ એ સર્વેને ભગવાન સર્જે છે. હે નૃપ ! કુશલ (સાત્ત્વિક કર્મ), અકુશલ (તામસ કર્મ) અને મિશ્ર (રાજસ કર્મ) એવાં કર્મનાં ત્રણ ફળ છે અને અનુક્રમે તે દેવ મનુષ્ય અને નારકી અર્થાત્ પશુઓ વગેરે છે. જગતનું ધારણ તેમ પોષણ તે જ ભગવાન વિષ્ણુસ્વરૂપે કરનારા છે અને તિર્યંચો મનુષ્યો અને દેવોના રૂપોથી અવતારો લઈ પાલન કરે છે. પછી કાલાગ્નિમાં રહેલું રુદ્ર સ્વરૂપ લઈ જેમ વાયુ વાદળાંના સમૂહનો નાશ કરે તે પ્રમાણે પોતામાંથી આ જે રચેલું તેને કાલથી પોતાની અંદર સમાવી લે છે. આ રીતે ભગવાને કરેલ ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલય કરીને પછી કહ્યું કે આ તો વિકલ્પ સાથે બ્રહ્મકલ્પ કહ્યો. કોઈ સમયે અહીં જનાર્દન પોતે જ સર્વ થાય છે એવું બ્રહ્મકલ્પમાં થાય છે અને જુદા વિકલ્પમાં તો ભગવાન માયાથી સર્વરૂપવાળા થાય છે તેથી બન્નેનું અહીં નિરૂપણ કર્યું અને પછી કહ્યું કે કાલનું માપ અને કલ્પનું લક્ષણ તેમ વિગ્રહ સારી રીતે હવે પછી કહીશ.

આ પ્રમાણે શુક અને પરીક્ષિતનો સંવાદ ચાલ્યો ત્યારે આ ભાગવતી કથાનું શ્રવણ કરતાં શૌનકે સુતને પહેલાં કહેલી કથા સંબંધી પ્રશ્ન કર્યો કે હે સૂત ! તમે કહેલું કે વિદુરજી દુસ્ત્યજ સગાં સંબંધીઓનો ત્યાગ કરી યાત્રા કરવા નીકળી પડ્યા હતા ત્યારે તેમને મૈત્રેય ઋષિ સાથે તેમનો આધ્યાત્મિક સંવાદ ક્યાં થયો હતો ? તે મૈત્રેય ઋષિએ તેમના પૂછવાથી તેમને ક્યું તત્ત્વજ્ઞાન ઉપદેશ્યું હતું ? વિદુરજીએ પછી શું શું કર્યું તે સર્વ ચરિત્ર તમે અમને કહો.

સૂતજીએ પછી રાજા પરીક્ષિતે પૂછેલા રાજાના પ્રશ્નના અનુસંધાનમાં મહામુનિએ જે કહ્યું તે હવે તેમને સંભળાવવા માંડ્યું.

શ્રીમદ્‌વલ્લભાચાર્યજી આજ્ઞા કરે છે કે શાસ્ત્ર જેઓના હૃદયમાં છે તેવા ભક્તોને નિવેદન કરું છું કે જો શાસ્ત્રના અર્થથી ભજન કરનારાઓને શ્રીહરિ સર્વ પ્રકારે ઇચ્છેલા હોય તો ભગવાનના ગુણોના સંદેહનું નિવારણ કરવાના વિચારથી સરળતાથી સમજાય એવા આ દ્વિતીય સ્કંધની સ્પષ્ટ વિવૃત્તિ વિચારજો.

શ્રીમદ્‌ભાગવત-સારનો દ્વિતીય સ્કન્ધ સંપૂર્ણ.

॥ श्रीकृष्णः शरणं मम ॥

શ્રીમદ્‌ભાગવત-સાર

તૃતીય સ્કન્ધ

પરીક્ષિત રાજાએ શ્રીવિદુરજીએ કરેલા પોતાના ઘરના પરિત્યાગ અંગે યાત્રા દરમિયાન ઋષિ મૈત્રેય સાથે થયેલા મિલન અને એમની સાથે થયેલા સંવાદ અંગે પ્રશ્ન કરવાથી શ્રીશુકદેવજીએ કહ્યું કે અધર્મને લીધે જેની જ્ઞાનદૃષ્ટિ નાશ પામી હતી એવા મોટા ભાઈ રાજા ધૃતરાષ્ટ્રે પોતે આપેલી સાચી સલાહની અવગણના કરવાથી તથા દુષ્ટબુદ્ધિ એવા દુર્યોધને અપમાન કરવાથી જે દેવનિર્મિત દિવસે વિદુરે હસ્તિનાપુર છોડ્યું તે જ દિવસે તેમણે ભારતની તમામ પવિત્ર નદીઓની યાત્રાએ જવાનો સંકલ્પ કર્યો. જે તીર્થો ભગવાન નારાયણના ચરણોથી પવિત્ર થયાં હતાં ત્યાં સ્નાન કરવાની તેમની મહેચ્છા હતી. સૌ-પ્રથમ તેઓ વૃંદાવન ગયા. વ્રજપ્રદેશમાં ભગવાન શ્રીકૃષ્ણે વિતાવેલા બાળપણના વિચારે વિદુરના હૃદયમાં શાંતિ પ્રસરી. ત્યાંથી તેઓ ઉત્તર તરફ વળ્યા. તેમણે અવધૂતનો વેશ લીધો હતો એટલે એમને કોઈ ઓળખી શકે તેમ ન હતું. તેમણે ઘણાં તીર્થો તથા ક્ષેત્રોની યાત્રા કરી. એકલા જ ફરતા હતા અને નિર્દોષ રીતે આજીવિકા ચલાવતા હતા. ફરતા ફરતા તેઓ પ્રભાસ તીર્થ શ્રીકૃષ્ણનું પ્રિય સ્થળ હતું ત્યાં આવતાં તેમણે સાંભળ્યું કે વાંસથી ઉત્પન્ન થયેલા અગ્નિ વડે જેમ વન બળી જાય તેમ પોતાના સંબંધીઓનો પરસ્પર સ્પર્ધાના નિમિત્તે વિનાશ થયો છે અને એ પછી ભગવાન શ્રીકૃષ્ણની સહાયથી રાજા યુધિષ્ઠિર આખી પૃથ્વીનું એકછત્ર અખંડ રાજ્ય કરે છે.

પછી તે શોકનિમગ્ન વિદુર ચૂપચાપ સરસ્વતી નદીના કિનારા તરફ ચાલતા થયા. તે નદી પરના ત્રિત, શુક્રાચાર્ય, મનુ, પૃથુ, અગ્નિ, અસિત, વાયુ, સુદાસ, ગોતીર્થ, કાર્તિક સ્વામી અને શ્રાદ્ધદેવ એમ અગિયાર તીર્થોનું તેમણે સેવન કર્યું. પછી સૌરાષ્ટ્ર, સૌવીર,મત્સ્ય, કુરુ તથા જાંગલ પ્રદેશમાં જઈ ચાલતા ચાલતા યમુના નદીના કિનારે પહોચ્યા. ત્યાં તેમને શ્રીકૃષ્ણના પરમ સખા ઉદ્ધવજી મળ્યા. ઉદ્ધવ શ્રીકૃષ્ણથી વિખૂટા પડીને સૌરાષ્ટ્ર, સૌવીર, કુરુ અને જાંગલ દેશમાં ફરતા ફરતા યમુનાના કાંઠા ઉપર પહોંચ્યા તે જ અરસામાં વિદુર પણ ત્યાં આવ્યા હતા. વિદુરે ભગવાનના લાડીલા ઉદ્ધવને સ્નેહપૂર્વક આલિંગન આપ્યું અને પછી તેમણે સંબંધી એવા યાદવોના કુશળ સમાચાર પૂછ્યા : હે ઉદ્ધવ ! કેટલાં બધાં વર્ષો પછી આપણે મળ્યા ! મારા માટે તો આ એક મહાન ક્ષણ છે. કહો, દેવોની પ્રાર્થનાથી જેઓ પૃથ્વી પર અવતર્યા છે તે પુરાણ પુરુષ શ્રીકૃષ્ણ અને મોટા ભાઈ બળદેવજી કુશળ છે ને ? ઉદાર વસુદેવજી, માતા દેવકીજી, યાદવોના અધિપતિ રાજા ઉગ્રસેન, વિદ્વાન પણ શ્રીકૃષ્ણ પ્રત્યે ભક્તિભાવ ધરાવતા અક્રૂરજી, પ્રદ્યુમ્ન, સાંબ, સાત્યકિ, અનિરુદ્ધ, સત્યભામાના પુત્ર